


# અધ્યાત્મ

વર્ષ : ૧    અંક : ૫    ફેબ્રુઆરી-૧૯૮૦

"આપણે પ્રતિદિન ઉમદા ચારિત્ર્યના પાયા ઉપર ઊભા રહીએ અને વિરાટની સાથે એક થઈ જવાના પ્રયોગો આદરીએ, પ્રયત્ન કરો ને વિજય આપણો છે."

—શ્રી યોગેશ્વર


# DIPAK M. SHAH

B. E. (Civil)

**Engineers & Contractors**

Topiwala Mansion
Opp. Garda Collage,
NAVSARI-396 445




મહાત્મા શ્રી યોગેશ્વરજી (સાધનાવસ્થા)

## ગુરુદેવ યોગેશ્વર

ગુરુદેવ યોગેશ્વર પ્રભુ
નમું છું સદાયે સ્નેહથી
નમું છું પ્રભાતે પ્રેમથી. ... ગુરુદેવ૦

મારાં પાપતાપ નિવારજો
પ્રભુ વરદ હસ્તે વધાવજો,
આ જીવ શરણે આજ આવ્યો
અનુગ્રહે ઉગારજો. ... ... ગુરુદેવ૦

જીવનતણા સઘળા સંબંધો
આપમાંહી સમાવજો
અન્યત્ર ક્યાંય ન જાય જોજો
વાળજો તવ ચરણમાં. ... ગુરુદેવ૦

પ્રિય માતતાત સખા સ્વજનને
સ્વામી બનજો આજથી,
સર્વ સ્વરૂપે આવજો
સર્વ સંબંધ સ્વીકારજો. ... ... ગુરુદેવ૦

સર્વ દિશાએથી પ્રભુ
આદર થકી અપનાવજો,
શ્રદ્ધા ને ભક્તિભાવ ભરતાં
પાત્ર પૂર્ણ બનાવજો. ... ગુરુદેવ૦

– સર્વેશ્વરી


## ભાવનગર નાગરીક સહકારી બેન્ક લિ.

ગંગાજળીયા તળાવ, ભાવનગર ૩૬૪ ૦૦૧
ફોન : ૪૭૨૬, ૭૫૮૨, ૬૭૫૬

વેણીલાલ મગનલાલ પારેખ — ચેરમેન
જેઠાલાલ સાકરલાલ દેસાઈ — મેનેજીંગ ડીરેકટર

ભાવનગરના બચતકારોની એક માત્ર વિશ્વાસપાત્ર
સહકારી બેન્ક

### આકર્ષક વ્યાજ

| | |
|---|---|
| ૧ વર્ષની અંદર | ૬ા ટકા |
| ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૮ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ સુધી | ૯ા ટકા |
| ૫ વર્ષથી ઉપરાંત | ૧૧ ટકા |
| સેવિંગ્ઝ | ૬ ટકા |

### સિદ્ધિ અને સદ્ધરતા

| | |
|---|---|
| શેર કેપીટલ | ૨૦ લાખ ઉપર |
| રીઝર્વ ફંડ | ૧૩ લાખ ઉપર |
| બિલ્ડીંગ ફંડ | ૬ લાખ ઉપર |
| બીજા ફંડો | ૮ લાખ ઉપર |
| ડીપોઝીટસ | ૧૪૦ લાખ ઉપર |
| વર્કીંગ કેપીટલ | ૨૦૦ લાખ ઉપર |

બેંક સોના-ચાંદીના દાગીના ઉપર ધીરાણ કરે છે.
વધુ વિગત માટે સંપર્ક સાધો

મહેન્દ્ર એસ. વડોદરિયા
મેનેજર ઈનચાર્જ

"ઈશ્વરી પ્રેમનો પ્રકાશ જેટલા વધારે પ્રમાણમાં હૃદયનાં પ્રાંગણમાં પડશે, તેટલા જ વધારે પ્રમાણમાં વાસનાનો અંધકાર દૂર થશે."

—શ્રી યોગેશ્વર


## રાવજીભાઈ એમ. પટેલ
## ઘનશ્યામ આર. પટેલ

કૉન્ટ્રાક્ટર્સ

મુ. પો. વઘાઈ, જિ. ડાંગ.


# અધ્યાત્મ


વર્ષ : ૧, અંક : ૫, છૂટક નકલ ૧-૨૫, વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨-૦૦, વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ (વિમાનથી)


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક


**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરીદેવી (પૂ. સરોજબેન)
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર-૩૬૪૦૦૧


## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| મનનું મહત્ત્વ | ૫ | શ્રી યોગેશ્વરજી |
| નિગમ અને આગમ | ૭ | પ્રા. જનાર્દન દવે |
| ત્રિકાળજ્ઞ મહાત્માનો મેળાપ | ૧૧ | શ્રી યોગેશ્વરજી |
| પરમહંસ શ્રી રામકૃષ્ણદેવ | ૧૮ | શ્રી યશસ્વીભાઈ મહેતા |
| પશ્ચિમોત્તાનાસન | ૨૪ | શ્રી મણિભાઈ શાહ |
| શ્રેયયાત્રા-(૫) | ૨૮ | શ્રી ભાઈલાલભાઈ છટાબાર |
| ઇષ્ટદેવમાં નિષ્ઠા | ૩૩ | શ્રી નર્મદાશંકર પંડ્યા |
| એકનિષ્ઠ ભક્ત-વજીબાઈ | ૩૫ | શ્રી નારાયણ હ. જાની |
| મધુરા મિલને | ૪૦ | શ્રી યોગેશ્વરજી |
| બૂરાઈને ભૂલી જજો | ૪૦ | શ્રી કમલા ઠક્કર |
| પ્રાર્થના | ૪૧ | શ્રી રાજેશ કાપડિયા |
| શું કર્યું ગીતા ગાઈને રે... | ૪૧ | કવિ પ્રીતમદાસ |
| સેવામૂર્તિ બાબુભાઈ | ૪૨ | શ્રી સર્વેશ્વરી |
| ભવાન્યષ્ટકમ્ | ૪૮ | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| પ્રાર્થના સંભળાય છે હો ! | ૫૨ | શ્રી રાજુ પુરોહિત |
| ઔષધિથી સમાધિ | ૫૫ | શ્રી યોગેશ્વરજી |
| ભગવાન રમણ મહર્ષિ | ૫૯ | શ્રી નાનુરામ દુધરેજિયા |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૧ ફેબ્રુઆરી-૧૯૮૦ અંક : ૫


## મનનું મહત્ત્વ

**શ્રી યોગેશ્વર**

શાસ્ત્રો તથા સત્પુરુષોએ મનને બંધન અને મોક્ષનું, શાંતિ અને અશાંતિનું, અભ્યુત્થાન અને અધઃપતનનું, સુખ તેમ જ દુઃખનું, એકમાત્ર અગત્યનું કારણ કહી બતાવ્યું છે. એમના અભિપ્રાયને અનુસરીને વિચારીએ તો, મન જ સંવાદ તથા વિસંવાદનું, સ્થિરતા અને અસ્થિરતાનું મૂળભૂત કારણ છે. એ એક એવું અમોઘ અસરકારક માધ્યમ છે જેની મદદથી આત્મોન્નતિના ક્ષેત્રે સફળતા સહિત સંગીન રીતે આગળ પણ વધી શકાય, અને પાછળ પણ પડી શકાય. એ સ્વર્ગની સૃષ્ટિ પણ કરે છે ને નરકના નિર્માણમાં પણ નિમિત્ત બને છે. પળમાં પ્રસન્નતા તો પળમાં અપ્રસન્નતા, ક્ષણમાં આહ્લાદ તો ક્ષણમાં અવસાદ ધરે છે.

સામાન્ય રીતે પરંપરાગત પ્રાચીન કહેવત ચાલી આવે છે કે માનવ જેવા વિચારોને સેવે છે તેવો જ ઓછાવત્તા પ્રમાણમાં બને છે. વિચારોનો પ્રભાવ વ્યવહાર પર અથવા મનનો પ્રભાવ તન પર પણ પડે છે. માટે જ કહ્યું છે કે – **तन्मे मनः शिवसंकल्पमस्तु।** "મારું મન પવિત્ર વિચારોથી સંપન્ન બનો."

એક પુરુષને ઘરનાં બધાં જ પ્રેમભાવે જોયા કરતાં. એમની પત્ની પણ એની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરતી. પરંતુ એમના મનમાં કોણ જાણે કેમ પણ એવી અવિદ્યામૂલક ગ્રંથિ પડેલી કે દુનિયામાં

મારું કોઈ જ નથી અને મારા પ્રત્યે કોઈને પ્રેમ નથી. એટલે એ અહર્નિશ ઉદાસ રહેતા. એમની આજુબાજુનું અસાધારણ ઐશ્વર્ય પણ એમને આનંદ આપી શકતું નહીં. આખરે એમણે અવસાદગ્રસ્ત બનીને આપઘાત કર્યો. બીજા પુરુષે પોતાના મનને એવી રીતે કેળવ્યું કે સૌ પ્રત્યે પ્રેમભાવ પ્રકટે અને સો કોઈ સારું જ લાગે. પરિણામે એમનું જીવન અભાવ અને આપત્તિની વચ્ચે પણ આનંદ અનુભવવા લાગ્યું, એ એમના જીવનને ઉત્સવમય બનાવી શક્યા.

એટલે મન પર જીવનનો આધાર છે. એટલા માટે તો આધ્યાત્મિક ઉત્કર્ષને માટે કરાતી સઘળી સાધનાઓ મનને વિશુદ્ધ, ઉદાત્ત, અનાસક્ત બનાવવા માટેની પ્રેરણા પૂરી પાડે છે. જ્ઞાન, ભક્તિ, યોગ કે કર્મદ્વારા છેવટે તો મનની સર્વતોમુખી સંશુદ્ધિ જ સાધવાની છે. મન સશુદ્ધ અને સમુદાત્ત બનશે એટલે વાસનારહિત, ક્લેશરહિત, બંધનમુક્ત બનશે, અંદરથી જ શાંતિ અથવા આનંદનો અનુભવ કરશે, પોતાના મૂળાધાર જેવા સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માના સાક્ષાત્કારના સર્વોત્તમ સુખસ્વાદને પામીને કૃતાર્થ બનશે.

[ નડિયાદ તા. ૧૩-૩-૧૯૭૯ હોળી – મંગળવાર ]

## સુધારો

### જાન્યુઆરી ૧૯૮૦ના અંકમાં

* 'શ્રી રામકૃષ્ણ દેવની સ્તુતિ'ના લેખક શ્રી યોગેશ્વરજી છે. જેની નોંધ લેવા વિનંતી.
* 'યોગિક ટ્રાન્સ'ના લેખમાં શ્રી નારાયણ સ્વામીના ગુરુનું નામ 'ભૂરાનંદ! છપાયું છે, તેને બદલે ત્યાં 'શ્રી મૂરાનંદ સ્વામી' વાંચવું. વળી તેઓ તાંત્રિક નહિ પરન્તુ "તંત્રમાર્ગ જાણતા હતા." એમ સુધારવું.



# નિગમ અને આગમ

પ્રા. જનાર્દન દવે

ભારતીય પ્રજાના આચારવિચારને પ્રેરનાર બે શાસ્ત્ર-પ્રવાહો આપણા દેશમાં વહેતા રહ્યા છે. એક છે નિગમો અને બીજા છે આગમો. આમાંથી નિગમ એટલે વૈદિક સાહિત્ય. વૈદિક સાહિત્ય **मन्त्रब्राह्मणयोर्वेदनामधेयम्** મન્ત્રભાગ અને બ્રાહ્મણભાગમાં સમાવેશ પામેલું છે. મનન કરનારનું પરિત્રાણ કરે તે મંત્ર. મંત્ર વિભાગમાં ચાર સંહિતાઓ છે. ઋક્ નામના મંત્રોનો સંગ્રહ તે ઋગ્વેદ, યજુ્ નામના મંત્રોનો સંગ્રહ ને યજુર્વેદ, સામન્‌નો સંગ્રહ તે સામવેદ અને અથર્વણ મંત્રોનો સંગ્રહ તે અથર્વવેદ. આ ચારે પ્રકારના મંત્રસંગ્રહો સંહિતાના નામથી ઓળખાય છે.

આ મંત્રો પરનું ભાષ્ય, વિવરણ તે બ્રાહ્મણગ્રંથો. બ્રહ્મ એટલે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ. બ્રાહ્મણ સાહિત્ય શબ્દબ્રહ્માત્મક મંત્રો પર પણ વિચારણા કરે છે અને પરબ્રહ્મ વિષે પણ ચિંતન કરે છે. બ્રાહ્મણ વિભાગમાં આરણ્યકો અને ઉપનિષદો પણ આવી જાય છે. ઉપનિષદો એ વેદાંત છે. વેદાંત એટલે વેદનો છેડો; વેદનો અંતિમ ભાગ. આપણાં શરીરના બે છેડા છે: ચરણો અને મસ્તિષ્ક. ઉપનિષદો વેદનું મસ્તિષ્ક છે, ઉત્તમાંગ છે. મંત્ર બ્રાહ્મણાત્મક આ બધા સાહિત્યને 'નિગમ' કહે છે. નિ એટલે નિશ્ચયપૂર્વક ગમ્ એટલે અવગમન કરવું, જાણવું. આમ જેના વડે કર્મ, ઉપાસના અને પરબ્રહ્મ વિષે નિશ્ચયપૂર્વક જાણી શકાય છે તેવું સાહિત્ય નિગમ કહેવાય છે. પરંતુ ભારતના આચાર વિચારના બીજા પ્રેરક પરિબળ આગમો વિષે આપણા દેશમાં ભારે મોટી ગેરસમજ ફેલાયેલી છે. આગમો એ ભગવાન શિવનો પાર્વતી સાથેનો જ્ઞાનસંવાદ છે.

आगतं शिववक्त्राब्जात् गतं तु गिरिजाश्रुतौ ।
तदागम इति प्रोक्तं शास्त्रं परमपावनम् ॥

શિવના મુખારવિંદમાંથી નીકળી પાર્વતીના કર્ણયુગલ પર્યંત પહોંચેલું પરમ પાવન શાસ્ત્ર આગમ છે.

નિગમ એટલે વૈદિક સાહિત્યમાં જેમ અધિકારીભેદે કર્મ, ઉપાસના અને જ્ઞાનના નિરૂપણ વિભાગો છે, તેમ આગમોમાં પણ કર્મ, ભક્તિ અને જ્ઞાનની ચર્ચા જોવા મળે છે. આગમોને તંત્ર પણ કહેવામાં આવે છે. તો કોઈ વાર આગમ, યામલ, ડામર તંત્ર એવા ભિન્ન ભિન્ન નામો પણ પ્રયોજાય છે.

**तन्** એટલે વિસ્તાર પામવો અથવા **त्रै** એટલે રક્ષણ કરવું, એવા બે ધાતુઓ પરથી તન્ત્ર શબ્દ બન્યો છે.

तनोति विपुलानर्थान् तत्त्वमन्त्र समन्वितान् ।
त्राणं च कुरुते यस्मात् तन्त्रमित्यभिधीयते ॥

જેમાં દેવતાતત્ત્વ, તેના મંત્રો, તેની ઉપાસના પદ્ધતિઓ વગેરે વિષે વિસ્તારપૂર્વક વિચાર કરવામાં આવે છે અને તેમાં દર્શાવેલા માર્ગે ચાલનારનું પરિત્રાણ થાય છે માટે તેને તંત્ર કહેવામાં આવે છે. 'શારદાતિલક' નામનો પ્રસિદ્ધ તંત્રગ્રંથ જોવાથી ખાતરી થશે કે તેમાં કેટલા બધા મહત્ત્વના વિષયોની ચર્ચા છે!

સામાન્ય રીતે તંત્રસાહિત્ય શાક્તસંપ્રદાયનું જ હોય એવી માન્યતા છે, પણ એ વાત સાચી નથી. ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય વગેરે દેવતાઓના પણ તંત્રો પ્રસિદ્ધ છે. જૈનો અને બૌદ્ધોના પણ તંત્રો ઉપલબ્ધ છે. 'શક્તિપ્રમોદ' નામના એક પ્રસિદ્ધ તંત્રગ્રંથમાં કાલી, તારા છિન્નમસ્તા વગેરે દસ



મહાવિદ્યાઓનાં કવચ, મંત્ર, યંત્ર વગેરેનું નિરૂપણ છે, તેમ શિવ, સૂર્ય વગેરેનાં કવચ, મંત્ર અને યંત્ર વગેરે પણ તેમાં આપવામાં આવ્યા છે.

આપણે ત્યાં તંત્રગ્રંથો વિષે ઘણી બધી ભૂલ ભરેલી માન્યતાઓ પ્રવર્તે છે. શાક્તસંપ્રદાયના તંત્રો વિષે તો ખાસ ગેરસમજ પ્રવર્તે છે. શાક્તસંપ્રદાય અને તેના તંત્રો બધા વામપંથના છે અથવા નિંદ્ય સામગ્રી વડે ઉપાસના કરે છે એવું મંતવ્ય ઘણા લોકો ધરાવે છે. તંત્ર સાહિત્યના અપૂરતા અભ્યાસને લીધે અને પૂર્વગ્રહ ધરાવતા વિદ્વાનોના મત સ્વીકારી લઈને ચાલતા લોકો આવું માને છે. તંત્રસાહિત્યમાં આવી ધૃણાસ્પદ બાબતો નહિવત્ છે.

વામપંથની વાત લઈએ તો **वाम** એટલે સુંદર. **वामलोचना** સુંદર નેત્રવાળી, **वामस्वभावा** સુંદર સ્વભાવની એમ વામમાર્ગ એટલે સુંદર માર્ગ. આ વામમાર્ગમાં પંચમકારવાળાં દ્રવ્યો સાધનામાં પ્રયોજવામાં આવે છે એવું કહેવાય છે. પણ વામમાર્ગ તો અત્યંત વિરલ પુરુષો માટે છે. વામમાર્ગના દ્રવ્યો લૌકિક મત્સ્ય, મુદ્રા, માંસ, મૈથુન વગેરે સંજ્ઞાઓ ધરાવે છે પરંતુ તંત્રોમાં બહુ જ સ્પષ્ટ શબ્દોમાં આ દ્રવ્યો કયાં છે તે દર્શાવ્યું છે. ભૈરવયામલ કહે છે: "**युवती सा समाख्याता महाकुण्डलिनी परा**" મહાકુંડલિની જ યુવતી છે. સાધકે તેની સાથે રમણ કરવું. **पुण्यापुण्यपशुं हत्वा ज्ञानखड्गेन योगवित् । परे लयं नयेत् चित्तं पलाशी स निगद्यते** જ્ઞાનરૂપ તલવારથી પુણ્યપાપરૂપ પશુને મારીને પરમ તત્ત્વમાં ચિત્ત લય કરવો એ જ માંસાહાર છે.

मनसा चेन्द्रियगणं संयम्यात्मनि योजयेत् ।
मत्स्याशी स भवेत् देवि शेषाः स्युः प्राणिहिंसकाः ॥

મન વડે ઇંદ્રિયગણોને સંયમિત કરી આત્મમાં જોડનાર જ મત્સ્યભોજન કરનાર છે. તે સિવાયના અન્ય તો પ્રાણી-હિંસકો જ ગણાય.

જ્યારે વામમાર્ગના તંત્રો જ આવી તાત્ત્વિક રજૂઆત કરે તો પછી તંત્રોની સાધના નિંદનીય શી રીતે ગણાય? પરમાનંદ તંત્ર તો કહે છે **असिधाराव्रतसमो मनोनिग्रह-हेतुकः** મનનો નિગ્રહ કરવા માટે સંયમ, તપ વગેરે તલવારની ધાર પર ચાલવા જેવા કઠોર હોય છે.


જીવનનું એક માત્ર ધ્યેય પ્રભુપ્રાપ્તિ ને બીજાઓને ઉપયોગી થવાનું જ હોઈ શકે, જીવનની સફળતા-નિષ્ફળતાની મૂલવણી આ ધ્યેયની પરિપૂર્તિ માણસે કેટલા અંશે કરી છે, તેના ઉપર જ છે.

–શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઈલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧

ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭




# ત્રિકાળજ્ઞ મહાત્માનો મેળાપ

શ્રી યોગેશ્વરજી

દેવકીબાઈની ધર્મશાળામાં આવ્યે થોડા મહિના થઈ ગયા. મારો સમય સાધના–ભજનમાં સુખપૂર્વક વીતી રહ્યો. મારા નિયમ પ્રમાણે એક વાર સવારે કામકાજમાંથી પરવારીને હું ગંગા કિનારે જવા રવાના થયો. બહાર જતી વખતે બારણામાં તાળું મારવાને બદલે કેવળ સાંકળ વાસવાની મને ટેવ હતી. તે પ્રમાણે મેં બહાર સાંકળ મારી. થોડો વખત ગંગાતટ પર પસાર કરીને છેવટે હું ધર્મશાળામાં પાછો આવ્યો. ત્યારે મારા આશ્ચર્ય સાથે મારા જોવામાં આવ્યું કે મારો ઓરડો કોઈએ ઉઘાડ્યો છે. અંદર જઈને જોયું તો મારું આશ્ચર્ય વધી પડ્યું. બેસવાની શેતરંજી પાસે નીચે જમીન પર એક ભગવાં વસ્ત્રધારી સાધુપુરુષ બેઠેલા. તેમની ઉમ્મર મોટી – આશરે પચાસ પંચાવનની દેખાઈ. તેમની મુખાકૃતિ આકર્ષણ વગરની ને કાળી હતી. તાજું જ મુંડન કરાવેલું હોવાથી તેમનું મસ્તક જરા ચમકતું હતું. તેમની આંખો તેજસ્વી હતી. એવી એક અજાણી વ્યક્તિને મારી મંજૂરી વિના મારા ઓરડાનાં બંધ બારણાં ઉઘાડીને, અંદર બેઠેલી જોઈને, મને ખરેખર આશ્ચર્ય થયું. તેમનું એ સાહસ જોઈને મને અનેક પ્રકારના વિચારો આવવા માંડ્યા. પણ વિચારોના વમળમાં અટવાઈ ગયે ચાલે તેમ ન હતું. જે હકીકત હતી તેનો સ્વીકાર ને સામનો કર્યે જ છૂટકો હતો. વળી આ વ્યક્તિ કોઈ સામાન્ય ન હતી. તેનું સ્વરૂપ સંન્યાસીનું હતું. એટલે મેં આસન પર બેસીને તે સંન્યાસી પુરુષને પ્રણામ કર્યા ને આવવાનું કારણ પૂછ્યું.

તેમણે સુંદર ને આકર્ષક સ્મિત કરતાં ઉત્તર આપ્યો: “તમને હું પહેલી જ વાર મળું છું. ફરતો ફરતો અહીં

આવી પહોંચ્યો છું. ગુજરાતી ધર્મશાળા એટલે કોઈક વાર આવી જ જાઉં છું."

"તમે ગુજરાતી છો?" મેં પ્રશ્ન કર્યો.

તેમણે કહેવા માંડ્યું, "હા. હું ગુજરાતી છું. આફ્રિકામાં થોડાક વખત નોકરી કરીને હવે કેટલાંક વરસોથી મેં સંન્યાસ લીધો છે. અહીં માયાકુંડ પાસે મારી પર્ણકુટી છે. છ મહિના અહીં ને છ મહિના પંજાબમાં રહું છું. પંજાબની પ્રજા બહુ ભાવિક ને સેવાભાવી છે. સાધુસંતોનું સન્માન તે ખૂબ જ પ્રેમથી કરે છે."

વાતાવરણમાં થોડી વાર શાન્તિ ફરી વળી. બહાર રસ્તા પરથી પસાર થતા માણસોની વાતચીત વિના બીજું કાંઈ સંભળાતું ન હતું. મારી પાસે રામકૃષ્ણદેવ ને વિવેકાનંદના ફોટા હતા. તેની તરફ જોઈને હું તે પુરુષના શબ્દો પર વિચાર કરવા માંડ્યો. ત્યાં તો તેમણે અચાનક પ્રશ્ન કર્યો, "કેમ, અહીં ગમે છે ને? આ જગ્યા કેવી લાગે છે?"

"ગમે છે." મેં તરત જ ઉત્તર આપ્યો: "આવું પવિત્ર તીર્થ, ગંગાનો કિનારો ને વળી ધર્મશાળાની શાંત ને સુંદર જગ્યા. પછી શા માટે ના ગમે? સાધનાભજનમાં વખત આનંદમાં વીતી જાય છે. અહીં બરાબર અનુકૂળ આવશે, એટલે થોડા વખત પછી માતાજીને પણ બોલાવી લઈશ. તે અહીં પ્રભુસ્મરણ કરશે ને આનંદ કરશે."

એકાદ સેકંડ સુધી તે ચૂપ રહ્યા. પછી જમણા હાથની આંગળીને નાકે લગાડીને કહેવા લાગ્યા: "એમ નહિ થઈ શકે. ઈશ્વરની ઇચ્છા એવી નથી. તમે અહીં ફક્ત એક જ વરસ રહી શકશો. તેથી વધારે નહિ ને ઓછું યે નહીં."

મને તેમનું કથન વિચિત્ર લાગ્યું. તેમની વાત સાચી માનવી કે ખોટી? "મારી મરજી તો અહીં રહેવાની છે.



મારા દિલમાં સાચો વૈરાગ્ય ને પ્રભુપ્રેમ ભરેલો છે. મારે આવા એકાંત સ્થળનો ત્યાગ કરીને હવે સંસારના કોલાહલ ભરેલા વાતાવરણમાં નથી જવું. મને સંસારમાં રહીને કોઈ ખાસ પ્રવૃત્તિ કે વ્યવસાય કરવાની ઇચ્છા નથી." મેં તેમને ખુલાસો કર્યો.

"એ તો હું સમજી શકું છું." તેમણે કહેવા માંડ્યું. "હું ક્યાં કહું છું કે તમે સંસારની માયામાં પડવાના છો? મારે તો એટલું જ કહેવાનું છે કે આ સ્થાનમાં તમે બધું મળીને એક વરસ રહી શકશો. પછી તમને પાણીની પાસે શાંત ને સુંદર જગ્યા મળશે – તમે ત્યાં રહેશો; ને તમારો ખરો વિકાસ ત્યાં જ થશે. ત્યાં તમે ઘણો મહત્ત્વનો વિકાસ કરી શકશો. જીવનમાં તમે અનેક પ્રકારની સાધનાનો આધાર લેશો ને સારા સારા અનુભવો મેળવશો; પણ જ્યાં સુધી કાલી કે હનુમાનને ઇષ્ટ નહિ કરો, ત્યાં સુધી તમને શાંતિ નહિ મળે એ નક્કી છે."

"તો પછી ધર્મશાળાનું શું થશે?" મેં ફરી પૂછ્યું.

"ધર્મશાળાનો કેસ ચાલશે. કેસ બરાબર દોઢ વરસ સુધી ચાલશે અને આખરે એમાં ટ્રસ્ટીઓ જીતી જશે. પણ તે વખતે તમે તો અહીં નહિ જ હો. તમે તો સાધના કરશો, સાધનાના ઊંચામાં ઊંચા શિખર પર જશો ને મહાન બનશો. તમારી અત્યારની સાધના શા હિસાબમાં છે? ખરી સાધના તો હજી હવે થશે. અને એક વખત એવો આવશે કે જ્યારે દુનિયાના લોકો તમારી પૂજા કરશે ને તમારા દ્વારા શાન્તિનો માર્ગ મેળવશે. તે વખતે હું તમને ફરી મળીશ. તમે મને ઓળખી લેજો. કેમ કે તે વખતે તમારી આસપાસ ઘણા લોકો ફરતા હશે."

તેમની ભવિષ્યવાણી મારા માટે તદ્દન નવી હતી. ઈશ્વરની કૃપા અથવા સાધનાની શક્તિથી મહાપુરુષો આ પ્રમાણે ભૂત,

ભાવિ ને વર્તમાન જાણી શકે છે, એ વાતમાં મને શ્રદ્ધા હતી. પણ મારા વિષેનું આ ભવિષ્યદર્શન કેટલે અંશે સાચું છે, તેનો નિર્ણય કરવાનું કામ મારે માટે મુશ્કેલ બની ગયું.

મારાં વધારે પડતાં વખાણ કરવાની તો તેમની ઇચ્છા નહિ હોય? પણ તેમ કરવાનો અર્થ શો? તેમ કરવાથી તેમના હાથમાં શું આવવાનું હતું?

"તમારામાં આવી શક્તિ ક્યાંથી આવી?" મેં કુતૂહલ બતાવ્યું.

પ્રભુની ઇચ્છા ને ગુરુની કૃપાથી," તેમણે કહેવા માંડ્યું. "મારા ગુરુ એક સમર્થ પુરુષ હતા. તેમણે મને મંત્ર આપીને હનુમાનજીની સાધના બતાવેલી. તે વરસોમાં મારો વૈરાગ્ય અત્યન્ત પ્રબળ હતો. રાતભર જાગીને હું ગંગાકિનારે જપ કરતો. એમ કરતાં કરતાં મારા પર હનુમાનજીની કૃપા થઈ. તેમની કૃપાનો જ પ્રભાવ છે કે હું જેના મુખ સામે જોઉં છું, તેના ભૂત, ભાવિ ને વર્તમાનને સાફ સાફ જોઈ શકું છું. દર્પણમાં જેમ પ્રતિબિંબ દેખાય, તેમ મારા મનમાં સૌનું પ્રતિબિંબ પડી જાય છે."

મેં કહ્યું, "તમારા જેવો પુરુષ જો શહેરમાં જઈને નિવાસ કરે તો અઢળક ધન ને યશ મેળવી શકે; માણસોને ગાંડા કરી દે."

તેમણે સુમધુર સ્મિત કરતાં કહ્યું: "વાત સાચી છે. પણ મારું તે તરફ ધ્યાન જ નથી. જો મને ધનની કામના હોત તો હું મારી ચાલુ નોકરી શા માટે છોડત? સાધના દ્વારા સાંપડેલી શક્તિ કોઈ મદારી વિદ્યા નથી. તે જનરંજન માટે કે સ્વાર્થી હેતુની સિદ્ધિ માટે નથી. ધનના સંગ્રહ સારુ પણ નથી. મને તેનું પ્રદર્શન કરવાનું પસંદ નથી. હા, કોઈક વાર તેનો પ્રયોગ સ્વાભાવિક રીતે થઈ



જાય, તેની વાત જુદી છે. બાકી તો તેને ગુપ્ત રાખવાની જરૂર છે. મારામાં આવી શક્તિ છે તેની કોઈને ખબર પણ ના પડે તેની સાવધાની રાખું છું. તમારી પાસે ઈશ્વરની ઇચ્છાથી જ જાણે ખેંચાઈ આવ્યો છું; ને તમને જોઈને પ્રેમ થવાથી આટલો વાર્તાલાપ કરી રહ્યો છું."

તેમનો વાર્તાલાપ રસિક હતો. તેમના મેળાપથી મને આનંદ થયો. મારું હૃદય અવનવા ભાવે ભરાઈને ઊછળી રહ્યું. મેં પ્રેમપૂર્વક કહેવા માડ્યું:

"તમારા જેવા સાચા સંતોનાં દર્શન હવે તો દુર્લભ થઈ ગયાં છે. તમારા વિચારો ખરેખર ઉત્તમ છે. તમને મળીને મને આનંદ થયો છે. તમારી શક્તિ ને નિસ્પૃહતા છક કરી દે તેવી છે."

થોડા વખત સુધી ઓરડામાં શાન્તિ પથરાઈ ગઈ. તુલસીદાસે ગાયું છે કે 'બિનુ હરિકૃપા મિલહિ નહિં સંતા' તે પ્રમાણે મારા ઉપર પ્રભુની કૃપા હતી. તે વિના આવા મહાપુરુષનો મેળાપ ના જ થઈ શકે. વાર્તાલાપ કરતી વખતે તેમને નાક પર હાથ લગાડવાની ટેવ હતી. વધારે નહિ પણ એકાદ સેકંડ તે નાકે હાથ લગાડતા. તે જોઈને મને શરૂઆતમાં વિચાર આવેલો કે તે સ્વરોદયશાસ્ત્રના અભ્યાસી હશે, અને તેના આધાર પર ભૂત-ભાવિની વાતો કહેતા હશે. પરંતુ ઇષ્ટની કૃપા વિષેનો તેમનો ખુલાસો સાંભળીને એ વિચાર નિરાધાર છે એમ લાગ્યા વિના રહ્યું નહિ. બાકી સ્વરોદયશાસ્ત્રથી પણ માણસ ત્રિકાળજ્ઞ થઈ શકે છે, એમ કહેવાય છે. ઇષ્ટદેવની કૃપા તો સર્વ કાંઈ કરી શકે છે. જેને તેની પ્રાપ્તિ થાય છે, તે પૂર્ણ શાન્તિ ને સિદ્ધિ મેળવી લે છે. મને પણ ઇષ્ટની કૃપાની ઇચ્છા હતી. પણ તે મળે કેવી રીતે? વળી ઇષ્ટ કરવા પણ કોને? જગદંબા પર મને પ્રેમ હતો

૫ ૩ હનુમાનની વાત મારા માટે નવી હતી.

પછી તો અમારો સંબંધ વધતો જ ગયો. તેમની પર્ણકુટીની મુલાકાત હું કોઈ કોઈ વાર લેવા લાગ્યો. તે મને જોઈને પ્રસન્ન થતા, મારો સ્નેહથી સત્કાર કરતા ને લગભગ દરેક વાર મને દૂધ પાતા. કોઈ વાર દૂધ ઓછું હોય તો તેમાં ગંગાજળ નાંખીને મારા દેખતાં જ તેને વધારતા. તેમની સાદાઈ બહુ વખાણવા લાયક હતી. આટલી શક્તિ હોવા છતાં તેમનામાં કોઈ જાતનો દંભ કે ગર્વ ન હતો. તેમનામાં એક નિર્દોષ બાળક જેવી સરલતા હતી. તે ક્ષેત્રમાંથી બંને વખત ભોજન લેતા. કોઈ વાર સાંજે ક્ષેત્રમાં ભિક્ષા માટે જતા, ત્યારે તેમને જોઈને મને થતું કે કોણ જાણે આવાં કેટલાંય ગુપ્ત રત્નો ક્ષેત્રની ભિક્ષા પર નભતાં હશે! ક્ષેત્રમાં ભિક્ષા લેનારા સાધુસંતોમાં જેમ બૂરાં તત્ત્વો પ્રવેશી ગયાં છે તેમ સારાં તત્ત્વો નથી એમ નહિ. તેમને અન્યાય ના થઈ બેસે તે જોવાનું છે. મને થતું કે આ મહાપુરુષ કોઈ શહેરમાં જઈને પોતાની શક્તિને છતી કરે તો કુલે પૂજાય. પણ તે તો ભિક્ષાના ભોજનમાં જ ખુશ છે. જે સંતુષ્ટ ને નિસ્પૃહ છે, તેને કોની પરવા છે? ઈન્દ્ર ને કુબેરનો વૈભવ પણ તેને માટે તણખલા બરાબર છે.

એક વાર મેં સરોડા માતાજીને મનીઓર્ડર મોકલ્યો હતો. વીસેક દિવસ થઈ ગયા. પરંતુ કોઈ પ્રત્યુત્તર ન હતો. મનીઓર્ડરની પહોંચ પણ મળી ન હતી. મને જરા ચિંતા થઈ.

ગંગાકિનારે આવેલી પેલા મહાપુરુષની પર્ણકુટીમાં પહોંચીને તેમને પ્રણામ કર્યા ને બધી વાતથી વાકેફ કર્યા.

તેમની લાક્ષણિકતા પ્રમાણે તેમણે નાક પર હાથ ફેરવ્યો ને તરત જ ઉત્તર આપ્યો, ‘ચિન્તા ના કરશો. તમારો મનીઓર્ડર પહોંચી ગયો છે. માતાજી બહારગામ ગયાં હતાં તેથી મનીઓર્ડર ગામના પોસ્ટ માસ્તરે રાખી મૂકેલો. માતાજી



આજે આવી ગયાં છે, ને તેમને પૈસા મળી ગયા છે. હવે આજથી સાતમે દિવસે તમને તેની પહોંચ મળી જશે ને તેટલા વખતમાં માતાજીનો કાગળ પણ આવી જશે.”

“માતાજી અત્યારે શું કરે છે?” મેં પૂછ્યું.

“ઘરમાં બેસી ઘંટી ફેરવે છે ને ગાય છે.” તેમણે તુરત જ ખુલાસો કર્યો.

માતાજી તે વખતે જરૂર પ્રમાણે ઘંટી ફેરવતાં.

મને થયું કે સાત દિવસ તો હમણાં નીકળી જશે ને તેમના શબ્દોની સત્યાસત્યતા જણાઈ જશે. તેમનું બીજું ભવિષ્યકથન તો દૂરનું છે, પણ આ તો તદ્દન નજીકનું છે. જોઈએ તો ખરા કે તે સાચું ઠરે છે કે નહિ? પણ તેમના શબ્દો સાચા નીકળ્યા. બરાબર સાતમે દિવસે મનીઓર્ડરની પહોંચ આવી ગઈ. માતાજીનો પત્ર પણ આવી પહોંચ્યો. તેમણે તેમના બહારગામ જવાની ને પોસ્ટ માસ્તરે મની-ઓર્ડર રોકી રાખ્યાની વાત લખેલી. પૈસા તે મહાત્મા પુરુષના કહ્યા પ્રમાણેના દિવસે જ મળ્યા. પોસ્ટ માસ્તર ગામના જ શિક્ષક હતા. એટલે તે ઓળખાણને લીધે થોડા દિવસ મની-ઓર્ડર રોકી રાખે તે સમજી શકાય તેવું હતું. આ પ્રત્યક્ષ પ્રમાણથી મને ખૂબ જ આનંદ થયો. તે મહાત્મા પુરુષની શક્તિમાં મારો વિશ્વાસ વધી પડ્યો. એવા પુરુષનો પરિચય કરાવવા બદલ મેં ઈશ્વરનો ઉપકાર માન્યો. આવાં છૂપાં રત્નો આ દેશમાં ક્યાં ને કેટલાં પડ્યાં છે તે તો કોણ કહી શકે? એક ઈશ્વરને જ તની ખબર છે.

❋



# પરમહંસ શ્રી રામકૃષ્ણદેવ

○

શ્રી યશસ્વીભાઈ ય. મહેતા

શ્રી રામકૃષ્ણ પરમહંસ
'ભાવસમાધિમાં'

[પરમહંસ શ્રી રામકૃષ્ણદેવનો જન્મ ફેબ્રુઆરી ૧૮૩૬માં થયો હતો. એ દૃષ્ટિએ એ અવતારી મહાપુરુષનો જન્મ ફેબ્રુઆરી માસમાં હોવાથી એમને અંજલિરૂપે આ અંકમાં એમના વિષેનો લેખ આપવામાં આવ્યો છે. —તંત્રી]

૧૭ ફેબ્રુઆરી ૧૮૩૬, ફાગણ શુદ બીજ, વિ. સં. ૧૮૯૨. એકસો ચુમ્માલીશ વર્ષ પહેલાનાં આ દિવસે શ્રી રામકૃષ્ણ પરમહંસનો જન્મ બંગાલના કામારપુકુરના એક નાનકડા ગામડામાં ગરીબ બ્રાહ્મણને ઘરે થયો હતો.

તેમની માનવ–જીવન–લીલા પચાસ વર્ષ સુધીની જ. પરંતુ અપાર્થિવ લીલા હજુ ય ચાલે છે. તેની પ્રતીતિ સાધકો કરે છે. તેમનો પરિચય કેવી રીતે આપવો? એ પ્રશ્ન સ્વામી વિવેકાનંદને ય મુંઝવતો હતો.



એટલે તેમણે કહ્યું : શ્રી રામકૃષ્ણના એક કૃપાકટાક્ષથી કરોડો વિવેકાનંદ આ ધૂળમાંથી ય પેદા થઈ જાય.

સામાન્ય રીતે ન માની શકાય એવું આ એક અપૂર્વ વિધાન છે. સ્વામી વિવેકાનંદ સિવાય બીજા કોઈને મ્હોંએથી આવી વાત નીકળી હોત તો આપણે પણ આજે તેને માનત નહિ!

તેમની મહાસમાધિ સોમવારે વહેલી સવારે–૧૬ ઓગષ્ટ ૧૮૮૬ના રોજ બરાબર મધરાત પછી એક વાગ્યા ઉપર બે મિનીટે થઈ.

મહાસમાધિની પૂર્વ સંધ્યાએ કેન્સરની બિમારીથી ક્ષીણ થઈ ગયેલા શ્રી રામકૃષ્ણ પાસે ત્રેવીશ વર્ષનો નવયુવક બેઠો બેઠો મનમાં વિચારે છે : તેમની આ અંતિમ ઘડી ગણાઈ રહી છે. તેઓ પોતાની મેળે, પૂછ્યા વિના, પોતે ઈશ્વરનો અવતાર છે એમ બોલે તો સાચું માનું!

તત્ક્ષણે શ્રી રામકૃષ્ણ બોલ્યા : નોરેન, જે રામ, જે કૃષ્ણ એ જ આ શરીરમાં રામકૃષ્ણ. પણ વેદાંતની દૃષ્ટિએ નહિ. આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયેલા આ યુવકે તેમના ચરણો ઉપર પોતાનું માથું મૂકી દીધું, એની આંખમાંથી આંસુઓની ધારા વહી રહી હતી.

અરે રે! આટલાં વર્ષો સુધી ખાતરી થઈ ગઈ છતાં ય મનમાં શંકાનો કીડો સળવળી ઊઠ્યો–કેટલો મહા અપરાધ બની ગયો!

પોતાના પ્રિય શિષ્યના મનનો પરિતાપ અનુભવી રહેલા શ્રી રામકૃષ્ણની આંખમાં પણ આંસુ વહી રહ્યાં હતાં. અને તેમનો નબળો પડી ગયેલ હાડ–ચામ એક બની ગયેલ હાથ એ નવયુવકના માથા ઉપર ફરી રહ્યો.

આ નવયુવક જ સાત વર્ષ પછી એક અજ્ઞાત હિંદુ સંન્યાસી તરીકે કોઈ પણ જાતની જાણ-પહેચાન વિના અમેરિકાની સર્વ વિશ્વ-ધર્મ-પાર્લામેન્ટમાં હિંદુધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા પહોંચ્યો હતો. બિલકુલ અબુધ, એને ત્યાં અમસ્તા ઊભા રહેવાની જગ્યા મળે એવી પણ કોઈ શક્યતા ન હતી. તેની પાસે કોઈ પણ પરિચયપત્ર કે પ્રમાણપત્ર ન હતાં.

છતાં શ્રી રામકૃષ્ણની અકળ કૃપાથી એને વક્તાઓમાં સ્થાન મળ્યું અને તેનું હૃદય ધબકારા ચૂકતું જતું હતું. દર વખતે તેને બોલવાનું કહેવામાં આવતું, અને તે ટાળતો રહ્યો. તેણે કોઈ દિવસ ૩૦ વર્ષની જિંદગીમાં આવી જાહેર સભામાં વક્તવ્ય કર્યું જ ન હતું! ન છૂટકે તે ઊભો થયો ને તેનાં મ્હોંમાંથી પહેલા બે જ શબ્દો અંતરના ઊંડાણમાંથી, પરાવાણીના પ્રતિનિધિ જેવા નીકળ્યા ન નીકળ્યા ત્યાં હજારો શ્રોતાઓના હૃદયમાં કોઈ અદ્‌ભૂત અનુભવ થયો. આત્મીયતાનો આ આનંદ અપ્રતિમ હતો. અને પાંચેક મિનીટ સુધી તાળીઓના ગડગડાટ વચ્ચે એ બોલે તો પણ ન સંભળાય એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ ગયું હતું. આ શબ્દો હતા : "અમેરિકાના મારા ભાઈઓ અને બહેનો."

વિશ્વવિખ્યાત સ્વામી વિવેકાનંદનો જન્મ આ દિવસે થઈ ગયો હતો. અને અમેરિકાના સૌથી વધુ વ્યાપક ફેલાવો ધરાવતા અખબારે પહેલા પાને જ છાપ્યું હતું : સ્વામી વિવેકાનંદ અમેરિકા જીતે છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું : આ પ્રતાપ મારો નહિ, રામકૃષ્ણનો હતો. વિવેકાનંદ અનેક વર્ષો પરદેશમાં ફર્યા પણ ભાગ્યે જ શ્રી રામકૃષ્ણ વિષે જાહેર પ્રવચનો તેમણે આપ્યાં. છતાં તેમનાં બધાં પ્રવચનોમાં રામકૃષ્ણના જ ચિન્મય ઉપદેશો ઓતપ્રોત હતા.



તેઓ કહેતા : રામકૃષ્ણને તમારે જે ભાવે સ્વીકારવા હોય તે રીતે સ્વીકારો. તેઓ એક સજ્જન હતા, સંત હતા, મહાત્મા હતા, યુગપુરુષ હતા કે ઈશ્વરનો અવતાર હતા. દેવતાને ગમે તે નામ લઈને સ્પર્શ કરો, ગંગા નદીના પાણીને ગમે તે નામ લઈને સ્નાન કરો. અનુભવ તો એકનો એક જ થવાનો છે.

યુરોપ-અમેરિકાના આગેવાન તત્ત્વચિંતકો, વિદ્વાનો, લેખકો વગેરેએ શ્રી રામકૃષ્ણનું જીવન, તેમની સર્વધર્મ સમન્વય સાધના વ. વિષે જાણ્યું ત્યારે તેઓ માની શક્યા નહિ કે આવી ઈશ્વરીય વિભૂતિ માનવસ્વરૂપમાં પ્રગટ થઈ શકે.

મેક્સમુલરે-પાશ્ચાત્ય દેશોના એ આર્ય ઋષિએ 'એક સાચા મહાત્મા'ના શીર્ષક નીચે લેખ પ્રસિદ્ધ કર્યો. તે પછી ૧૯૨૯માં રોમા રોલાંએ પુસ્તક પ્રસિદ્ધ કર્યું તે વચ્ચે ઠીક ઠીક લાંબો સમય-ગાળો વીતી ગયો હતો. અને શ્રી રામકૃષ્ણના અંતરંગ શિષ્યો દ્વારા તેમના તેજનો વિસ્તાર સમગ્ર વિશ્વમાં મહાન ભરતીરૂપે સંતપ્ત માનવજાતને શુદ્ધ સાત્ત્વિક આનંદમાં ભીંજવી રહ્યો હતો.

શ્રી રામકૃષ્ણની વાણી ગામઠી હતી અને તેમાં બાળક જેવી નિર્દોષતા અને મધુરતા હતી. બાળક જેવી જ તેમની ભાષા સહેજ તોતડાતી હતી.

વિવિધ વિશ્વધર્મોની તેમની સાધના ઈ. સ. ૧૮૫૬થી ૧૮૬૭ સુધીમાં પૂરી થઈ ગઈ હતી અને તેમનો દેહ આ સમયે સોનાની મૂર્તિ જેવો તેજસ્વી દેખાતો હતો. તેમની આજુબાજુ નરી આંખે અલૌકિક પ્રકાશ દેખાતો હતો અને કુતૂહલથી કે ભક્તિભાવથી માણસો મોટી સંખ્યામાં તેમને જોવા ભેગા થઈ જતાં કે વિંટળાઈ વળતાં હતાં. આ પછી

તેમણે મા જગદંબાને પ્રાર્થના કરી એ તેજને પોતાની અંદર સમાવી દીધું હતું.

એ વખતના મહાપુરુષો તેમના સમાગમમાં આવ્યા બાદ તેમની દિવ્યતાનો અનેરો આસ્વાદ માણતા હતા. એ વખતના બંગાલી ભક્તિપ્રધાન નાટકો તેઓ ભક્તોની સાથે જોતા અને આજે પણ બંગાળની પ્રત્યેક નાટ્ય સંસ્થામાં દરેક નટ–નટી પ્રથમ શ્રી રામકૃષ્ણને પ્રણામ કરીને પછી જ રંગમંચ ઉપર પ્રવેશ કરે છે. બંગાળી નાટકને તેમની પ્રેરણા મળી છે. અને નાટ્યકારો તેમને નાટકકળાના પુરસ્કર્તા અને નટરાજ માને છે.

શ્રી રામકૃષ્ણ ભક્તિભાવમાં નૃત્ય કરતા ત્યારે તે જોનારા અને તેમની સાથે ભાગ લેનારાઓ બન્નેને દિવ્ય અનુભૂતિઓ થતી હતી. તેમનો કંઠ અત્યંત મધુર હતો અને તેમનાં ભજનો સાંભળવા એ અનેક જન્મોના પુણ્યસંચયનો લહાવો હતો. તેમના પ્રેમનો અનુભવ કરનાર સૌ કોઈ તેની અપાર્થિવતાથી મુગ્ધ બની જતાં અને બધા પાર્થિવ સંબંધોના પ્રેમ તેની પાસે તુચ્છ લાગતા.

ઈ. સ. ૧૮૭૯થી શ્રી રામકૃષ્ણના અંતરંગ ભક્તો અને પાર્ષદગણનું આગમન થયું હતું. ૧૮૮૫માં તેમના કંઠે કેન્સર થયું અને ૧૬ ઓગષ્ટ ૧૮૮૬ના રોજ તેમણે મહાસમાધિ લીધી.

તેમણે આપેલા ઉપદેશો 'શ્રી રામકૃષ્ણ વચનામૃત'ને નામે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થયા છે. અને લગભગ છસ્સો છસ્સો પાનાના બે ભાગમાં તેમનો સમાવેશ થાય છે. તેમના ઉપદેશનો સાર એ છે કે; માનવ–જીવન અમૂલ્ય છે અને તે ઈશ્વર પ્રેમ–ભક્તિ પ્રાપ્ત કરવા માટે મળેલ છે. તેને નિરર્થક વિષયોપભોગમાં વેડફી નાખવું જોઈએ નહિ.



બધા ધર્મોની સાધના એક જ સત્યનો સાક્ષાત્કાર કરાવે છે.

ઈશ્વર છે અને તેનો સાક્ષાત્કાર આ જીવનમાં થઈ શકે તે માટેની વ્યાકુળતા હોય ત્યારે આ બને. સંસારાસક્ત મનમાં વ્યાકુળતા ઝટ આવતી નથી.

સૌ કોઈને, જે તમારા સંબંધમાં આવે, તમારાં પોતાનાં આત્મીય માની તમારાથી બને તે સેવા તેમની કરો પણ મનમાં ચોક્કસ માનજો કે આમાનું કોઈ તમારું નથી.

જગત કાંઈ આટલું નાનું નથી કે તેની ઉપર તમે ઉપકાર કરી શકો કે મદદ કરી શકો. તમે જીવસેવા દ્વારા જ શિવસેવા કરી શકો.


## અદ્‌ભુત આનંદ

ચિત્તની સ્થિરતા થયે ધ્યાનનો સાચો આનંદ પ્રાપ્ત થશે, પરંતુ સંપૂર્ણ અને શાશ્વત આનંદ તો ત્યારે મળશે જ્યારે ધ્યાનમાં જોડાયેલું ચિત્ત પોતાના અસલ આત્મસ્વરૂપમાં અવગાહન કરશે, ને મળી જશે. શરીરનું જ નહીં, પરંતુ મન અને ઇન્દ્રિયોનું બધું જ ભાન ભૂલાવનારી એ અવસ્થાને સમાધિના નામથી ઓળખવામાં આવે છે. એ અવસ્થાનો રસ સુખ, લાભ કે આનંદને વૈખરી વાણી દ્વારા વ્યક્ત કરી વર્ણવી નહિ શકાય. જે કાંઈ વર્ણન થશે તે તો સિંધુના બિંદુ જેવું અપૂર્ણ જ રહી જશે. એ તો અભ્યાસ દ્વારા આવી મળતી અનુભૂતિની વસ્તુ અને અનુભૂતિ દ્વારા જ એનો પાર પામી શકાશે, તાગ કાઢી શકાશે તથા રસાસ્વાદ લઈ શકાશે.

–શ્રી યોગેશ્વર

# પશ્ચિમોત્તાનાસન

મણિભાઈ શાહ






પશ્ચિમ એટલે પાછળ અને તાન એટલે તાણવું. આ આસનમાં પીઠ તરફનો ભાગ તણાતો હોઈ આ આસનને પશ્ચિમોત્તાનાસન અગર પશ્ચિમતાનાસન કહે છે.

આસનની રીત :

આ આસન બે રીતે કરવામાં આવે છે, એક તો પગ લાંબા રાખી બેસીને અથવા ચત્તા સૂઈને. અહીં બીજી રીત દેખાડી છે.

(૧) ચત્તા સૂઈ જાઓ. હાથ મસ્તક તરફ લંબાવીને રાખો. બંને પગ જોડાજોડ લાંબા કરો.

(૨) હવે ચિત્ર નં. ૧ પ્રમાણે માથા તરફથી બંને હાથ ઊઠાવીને ઊંચા કાટખૂણે ઊભા કરો.

(૩) અને તરત જ જમીનથી માથું ને ગર્દન ઊઠાવી બંને હાથ બંને સાથળ ઉપર આવે તેમ કરો. જુઓ ચિત્ર નં. ૨ ગોઠણમાંથી પગ વળે નહીં તેનું ધ્યાન રાખો.

(૪) પછી પીઠ ઊંચકીને હાથને પગના પંજા તરફ તીરની દિશામાં લઈ જાઓ. જુઓ ચિત્ર નં. ૩
ઉપરની ૨ થી ૪ સુધીની ક્રિયા અખંડ એક પછી એક કરવાની છે. સમજણ ખાતર જુદી જુદી દર્શાવેલી છે.

(૫) હવે કમર ઊઠાવી પગના કાંડાં પકડી ધડને આગળ લંબાવો અને ગોઠણ તરફ માથું નીચું નમાવો. જુઓ ચિત્ર નં. ૪.

(૬) અંતમાં ડાબા હાથની તર્જનીથી ડાબા પગના અંગૂઠાને આંકડો ભરવો. તેવી જ રીતે જમણા હાથની તર્જનીથી જમણા પગના અંગૂઠાને આંકડો ભરવો. પછી બંને હાથની બંને કોણી બંને બાજુ જમીનને અડાડી દો. માથું નીચું નમાવી બે પગ વચ્ચે મૂકી દો અગર નાક

અડાડી દો. જુઓ ચિત્ર નં. ૫, યોગની દૃષ્ટિએ પશ્ચિમોત્તાનાસનની આ સ્થિતિનું મહત્ત્વ છે. અહીં આ આસન પૂરું થયું.

આ આસનનો સમય ૧૫ સેંકડથી ક્રમે વધારીને ત્રણ મિનિટ સુધી કરી શકાય. શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દેવો. પણ ધડને જ્યારે ગોઠણ તરફ નમાવવામાં આવે ત્યારે રેચક કરતાં કરતાં નમાવવું અને પછી શ્વાસોશ્વાસ સ્વાભાવિક રીતે ચાલુ રાખવો.

આ આસનની ૧થી ૪ સ્થિતિ સુધીના ત્રણચાર આવર્ત્તનો કરવાથી કરોડ સહેલાઈથી વાળી શકાય છે. તેથી થોડા દિવસ એનો મહાવરો કરવો જોઈએ. પછી જ ચિત્ર નં. ૫ની સ્થિતિ સહેલાઈથી ધારણ થઈ શકશે.

આ આસન ઊભા ઊભા કરવામાં આવે તો તેને હસ્તપાદાસન કહે છે. જુઓ ચિત્ર નં. ૬. તેના લાભો પશ્ચિમોત્તાનાસન જેવા જ છે. પણ ઊભી સ્થિતિમાં કરવાનું હોઈ દેહની સમતોલતા જાળવવાનું તેમાં વિશેષ છે.

આ સિવાય એક પગ સીધો અને એક પગનો પંજો બીજા પગના સાથળ સાથે લગાવીને કરવામાં આવે તો કોઈ તેને અર્ધપશ્ચિમોત્તાનાસન અગર જાનુશિરાસન કહે છે. જુઓ ચિત્ર નં. ૭. ઉપરોક્ત બંને આસનો પશ્ચિમોત્તાનાસનની પૂર્વતૈયારીરૂપ પણ ગણી શકાય. પશ્ચિમોત્તાનાસન વધારે સારું કરવા માટે આ બંને આસનનો અભ્યાસ લાભકારક છે.

ફાયદા :

(૧) કરોડ સ્થિતિસ્થાપક બને.

(૨) પગથી તે માથા સુધીના પીઠ પાછળની માંસપેશીઓ (Muscles) તણાતી હોઈ સ્નાયુઓ સબળ અને નીરોગી બને.



(૩) પેટના સ્નાયુઓ પણ સબળ બને.

(૪) કરોડ અને બસ્તીપ્રદેશના જ્ઞાનતંતુઓની નાડીઓ નીરોગી અને કાર્યક્ષમ બને.

(૫) પેટ ને કમર પરનું મેદ ઓછું થાય.

(૬) પેટની અંદરના અવયવો જેવાં કે જઠર, આંતરડાં વગેરે સબળ બને.

(૭) ઊંચાઈ વધારે છે.

સૂચના : કરોડ અક્કડ હોય તેનું માથું સામાન્ય રીતે ગોઠણને અડતું નથી. તેમ જ જેમનું પેટ મોટું હોય તેમને માટે પણ તે અશક્ય છે. પરંતુ શરૂઆતમાં કરોડ જેટલી વળે તેટલી વાળીને જ સંતોષ માનવો. પરાણે કે આંચકો મારીને વાળવાનો પ્રયત્ન હરગીજ ન કરવો. મોટી ઉંમરના હોય તેમની કરોડ અક્કડ થઈ ગઈ હોય છે એટલે તેમણે આ આસન ધીમે ધીમે ને કાળજીપૂર્વક કરોડની અક્કડતાનું ધ્યાન રાખીને કરવું અને આસન કર્યા પછી કરોડમાં દુખાવો ન થવો જોઈએ અથવા આ આસન કરવાને લીધે બેચેનીનો અનુભવ ન થવો જોઈએ.

❀

સતત સાધનાનો અર્થ ક્ષણેક્ષણની સાધના અથવા બને તેટલી વધારે ને વધારે સાધના એવો લેવાનો છે. દિવસના અધિકાધિક સમયને સાધનાત્મક અભ્યાસમાં લગાડી દેવો જોઈએ. સાધના પ્રત્યે પ્રેમ જાગે છે પછી સમય આપોઆપ અને વધારે ને વધારે પ્રમાણમાં કાઢવાનું મન થાય છે; કદાચ છે પણ ખરો.

— શ્રી યોગેશ્વર

# શ્રેયયાત્રા

ભાઈલાલભાઈ છાટબાર

(૫)

## ષટ્ સંપત્તિ, કર્મશક્તિ અને જનસેવા

સાતેક દિવસ પછી તા. ૨-૧૧-'૫૨ની રાતનું પ્રવચન પૂરું થઈ ગયું છે. પ્રવચન અને ધૂન પછી કોઈ વાર મહાત્માજીના કહેવાથી બહેનોના શ્રોતાવૃંદમાંથી રાધાબહેન ભજન ગાય છે. આજે તેણે કૃષ્ણભક્તિનું એક પદ ગાયેલું.

બહેનોના આ વૃંદમાં પ્રેસમેનેજરની ૧૧ અને ૧૩ વર્ષની બે પુત્રીઓ પણ હોય છે. આ બંને દીકરીઓના સંસ્કાર-બહુ ઊંચા છે. એક જ કમ્પાઉન્ડમાં નજીક રહેવાનું હોવાથી તે બંને મહાત્માજી અને માતાજી પાસે અનુકૂળ સમયે અવારનવાર પહોંચે છે. કિશોરાવસ્થામાં પમાતા આ સંસ્કાર સિંચનને કારણે તે બંનેના જીવનમાં આગળ ઉપર બહુ મોટું પરિવર્તન આવે તેમ લાગે છે.

આજના પ્રવચનમાં મહાત્માજીએ ભક્તકવિ દયારામનું એક પદ ગાયું હતું. પ્રવચન પછીની સત્સંગ-બેઠક શરૂ થઈ. અમે બાર-પંદર જણ પથરણાં ઉપર બેઠા છીએ. આ બેઠકમાં નિત્ય આવનારાઓ હાજર હતા જ. અન્ય સાત-આઠ જણમાં એક હકા આપા સોની ત્રણ દિવસથી ઉમેરાયા હતા. પ્રદ્યુમનભાઈનો એક નવો સારો ઉમેરો થયો છે.

મહાત્માજીને નિર્દોષ હળવો વિનોદ કરતા જોવા એ પણ એક લહાવો છે. તેઓશ્રીને ભારેખમ વાતાવરણ પસંદ નહિ એટલે બેઠકનું વાતાવરણ ઘણું મુક્ત રહે છે.

બેઠકની ઓશરીમાં, મહાત્માજીએ અગાઉ દાઢી વધારેલી ત્યારનો જૂનો એક દાઢીવાળો ફોટો ટાંગેલ છે. એ ફોટામાં



શરીર ઘણું હૃષ્ટપુષ્ટ છે. મહાત્માજીએ તે ફોટા તરફ સંકેત કરીને પૂછ્યું : આ ફોટો કેવો લાગે છે?

અમે અન્ય સૌ તો શાન્ત જ રહ્યા, પણ હકા આપા સ્વભાવે જરા આખાબોલા ખરા. બોલે ત્યારે પાણા પડતા હોય તેવું લાગે. હકા આપા જરા ખખડીને હાસ્ય કરતા બોલ્યા : બહારવટિયા જેવા લાગો છો.

મહાત્માજી હસી પડ્યા અને સાથે અમે સૌ પણ. મહાત્માજીએ કહ્યું : અમે બહારવટિયા ખરા જ. અમે પણ રાગદ્વેષ, ભય, સંતાપ, દોષદર્શન, જાતિદ્વેષ, ગુમાન અને ઉપભોગની લાલસા સામે લડીએ છીએ અને લોકોને તે બંધનોમાંથી છોડાવીએ છીએ. તેને સ્થાને પ્રેમભાવના, અભય, પ્રસન્નતા, ગુણાનુરાગ, માનવપ્રેમ, ઋજુતા અને ત્યાગભાવ સ્થાપીએ છીએ. અમારું પણ બહારવટું છે પણ જુદા પ્રકારનું............

આજે મહાત્માજીએ બેઠકખંડમાં ટીપોય ઉપર પડેલી એક નોટબૂક લાવવા મને કહ્યું. હું તે લઈ આવ્યો એટલે કહ્યું કે : તેમાં નિશાની મૂકેલી છે ત્યાંથી વાંચો.

નાની સાઈઝની પણ કદમાં જાડી આ નોટબૂક હતી. આવી નાની નોટબૂકોમાં મહાત્માજીનું હસ્તલિખિત ( ત્યારે અપ્રકટ ) સાહિત્ય હતું. લગભગ ૩૦ પુસ્તકો છપાય તેટલું હસ્તલિખિત સાહિત્ય ત્યારે હતું.

હું વાંચવાનું શરૂ કરું એટલામાં કોઈએ પ્રશ્ન કર્યો.

પ્રશ્ન : ષટ્ સંપત્તિ એટલે શું?

મહાત્માજી : છ પ્રકારે દર્શાવાતા આત્મિક સંપત્તિના સમૂહને ષટ્ સંપત્તિ કહે છે. તેમાં (૧) પહેલું સ્થાન શમને આપવામાં આવે છે. મનના નિગ્રહ દ્વારા મનની શાંતિ એવો

શમનો અર્થ થાય છે. (૨) બીજે સ્થાને દમ એટલે કે બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ છે. (૩) ત્રીજે સ્થાને ઉપરતિને મૂકે છે. ઉપરતિ એટલે ઉપરામતા. તેમાં ધાંધલ–ધમાલનો અભાવ અને જીવનમાં મીઠી શાંતિ અને નિરાંતનો અનુભવ હોય છે. (૪) ચોથી સંપત્તિ તિતિક્ષા છે. સુખદુઃખને સહજ ભાવે સ્વીકારી લઈ સહન કરવાના ગુણને તિતિક્ષા કહે છે. ધર્મમાર્ગે વ્યવહાર ચલાવતાં સુખ આવે કે દુઃખ આવે પણ ધર્મમાર્ગે ચાલનારને તેનો હર્ષ કે શોક થતો નથી. (૫) પાંચમી મહત્ત્વની સંપત્તિ શ્રદ્ધા છે. શ્રદ્ધાળુ વ્યક્તિને શાસ્ત્રના જ્ઞાન-વચનોમાં અને સદ્ગુરુ કે સંતમહાપુરુષોના વચનો ઉપર અંતઃકરણપૂર્વકનો દૃઢ વિશ્વાસ હોય છે. (૬) છઠ્ઠું સ્થાન સમાધાનનું છે. પ્રત્યેક વાતમાં વિવેકપૂર્વક વર્તીને ચાલ-નારને સમાધાન એટલે કે મનની એકાગ્રતા અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. સમાધાન શાસ્ત્ર અને ગુરુવચનમા શ્રદ્ધા તેમ જ પોતાની શક્તિમાં તથા ઇશ્વરની શક્તિમાં પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધાભાવનો સમાવેશ છે. આ છ સંપત્તિ ઉપરાંત તેની સાથોસાથ મુમુક્ષતાનું સ્થાન છે. તેને પહેલું મૂકવું હોય તો પણ મૂકી શકાય. મોક્ષ મેળવવાની તીવ્ર ધગશને મુમુક્ષતા કહે છે. મુમુક્ષતા ન હોય તો કોઇ સાધન નિરંતર અને સતત ચાલતું નથી. તેમ જ તે પ્રબળ બનતું નથી.

પ્રશ્ન : કર્મ પ્રમાણે જ સુખદુઃખ પ્રાપ્ત થતાં હોય તો કર્મ પોતે જ ઈશ્વર છે. આમાં પરમાત્મશક્તિ કે પ્રાર્થના શી રીતે મદદ કરી શકે ?

મહાત્માજી : બ્રહ્માંડોને ચલાવનાર શક્તિને ચૈતન્ય-શક્તિ કહો કે ઈશ્વરશક્તિ કહો;–તે જ મુખ્ય છે. કર્મ પોતે જડ અને નિષ્ક્રિય છે. જડ અને નિષ્ક્રિય ઉપર હંમેશાં ચેતન અને સક્રિયની સત્તા ચાલતી હોય છે. પરમાત્મચેતના વિશ્વવ્યાપી ચેતનતત્ત્વ સક્રિય છે અને તે જીવ, જગત



અને કર્મફળનું સંચાલન કરે છે. શુદ્ધ હૃદયથી કરાયેલ અંતરની પ્રાર્થના પરમાત્મા સુધી પહોંચે છે અને ભલભલા કર્મોના દોષોનું પણ નિવારણ કરી શકે છે.

ઉત્તર પૂરો થતાં મહાત્માજીએ મારી સામે દૃષ્ટિ કરી એટલે મેં તેઓશ્રીએ નક્કી કરેલ બે-ત્રણ પૃષ્ઠ વાંચી સંભ-ળાવ્યા. આજે 'મારા દેશને' (અનંત સૂર) શીર્ષકવાળું લખાણ વાંચ્યું.

ભક્ત, જ્ઞાની અને યોગી આ મહાત્માપુરુષના હૃદયમાં ભારત પ્રત્યેનો પ્રેમ અને રાષ્ટ્રભક્તિ છલોછલ ભરેલી છે તે વાંચતા પ્રતીત થતું હતું. દીનદુખિયાં, ગરીબો, કંગાળો અને કચડાયેલ–છુંદાયેલ દેશવાસીઓ પ્રત્યેનું તેઓશ્રીનું મમત્વ, સહાનુભૂતિ તેમ જ કરુણાભાવ શબ્દે શબ્દે પ્રતિ-બિમ્બિત થતો હતો.

આજના વાચન પછી તે લેખ અંગે વિચારોની આપ–લે થઈ. અમારી તે વિષેની વાતચીત પૂરી થતાં મહાત્માજી એ વિશે થોડું આ પ્રમાણે બોલ્યા.

મહાત્માજી : સ્વેચ્છાએ ગરીબી સ્વીકારનાર સેવાભાવીઓ સિવાય કોઈ પ્રજા કે દેશ બેઠાં થઈ શકતાં નથી. ભૂખ્યાઓ, હડધૂતો અને કંગાળોને આપવાના સેવાયજ્ઞોની જરૂર છે. મનુષ્યતાના મૂલ્યોની માવજત કરવાની છે. ઉત્તમ પ્રકારના મનુષ્યોચિત કર્તવ્ય કરીને માનવજાતને મદદરૂપ થવાનું છે.

પરંતુ કર્મ અને આત્મજ્ઞાનનો સમન્વય સાથોસાથ જરૂરી છે. અધ્યાત્મનું બળ હોય તો મનુષ્ય આદર્શ-નિષ્ઠ બની શકે છે અને તેની સેવા સોળેય કળાએ ખીલી ઊઠે છે. અલિપ્ત આત્મજ્ઞાની મનુષ્ય કર્મ કરવા છતાં જાગ્રત રહે છે. તે પ્રલોભનોનો શિકાર બનતો નથી. સેવા કરતાં કરતાં પણ, તે સેવાના દૂષણોથી બચી શકે છે.

અલિપ્ત ભાવે કાર્ય કરવાનો મંત્ર સારીય પ્રજા શીખી લે અને જીવનના તમામ ક્ષેત્રે અલિપ્ત સેવાભાવી પુરુષો કામ કરતા થઈ જાય તો સમસ્ત માનવજાતની સમુન્નતિ થઈ જાય. 'હું કરું છું'–એવો ભાવ છૂટી ગયો હોય તેવા સેવાભાવીઓની જરૂર છે. બીજા જરૂરતવાળા માણસોને શક્તિ પ્રમાણે તન–મન–ધનથી ઉપયોગી થવું અગર સહાનુભૂતિથી બીજાના દુઃખ સાંભળી તેને હળવા કરવાં, આ પ્રભુસેવાનાં જ પ્રકારો છે.

જનસેવા એ જ પ્રભુસેવા છે, એવી ભાવના આ શબ્દોમાં સુસ્પષ્ટ થતી હતી.

મહાત્માજી કહે છે કે વાચનનો આ ક્રમ હવે આજથી રોજ ચાલવાનો છે. આ રીતે આજની રાતની બેઠકને મહાત્માજીએ નવો વળાંક આપ્યો અને ફાલતુ વાતોને બદલે ઉપયોગી વાચન અને તેના ઉપર વિચારણા શરૂ થઈ. સમયના સદ્ઉપયોગની દિશામાં મહાત્માજી જાણે અજાણે સૌને લઈ ગયા.

મહાત્માજીએ બે ગીત–ભજન ગાયાં, સૌએ પ્રણામ કરીને રજા લીધી.

(ક્રમશઃ)

*

નેહ વિના હરિ નહિ મળે
કીજે કોટિ ઉપાય,
બીજાં બહુ સાધન કરે,
હૃદય શુદ્ધ ન થાય.

– પ્રીતમ



# 'ઇષ્ટદેવમાં નિષ્ઠા'

શ્રી નર્મદાશંકર પંડ્યા

એક દિવસ ચૈતન્ય મહાપ્રભુ પાસે ભક્તો બેઠા હતા, તેમાં મુરારિ ગુપ્ત પણ હતા. મહાપ્રભુએ એમને આલિંગન દીધું અને પછી બધા ભક્તોને કહેવા લાગ્યા : "સાંભળજો, મુરારિ ગુપ્તનાં નિષ્ઠા અને ભક્તિ કેવાં અચળ છે, તેનું એક દૃષ્ટાંત તમને કહીશ. એક વાર મેં તેમને કહ્યું, 'નંદનંદન કૃષ્ણ માધુર્યના નિકેતન છે તે જ અદ્વય બ્રહ્મ છે, સર્વ અવતારોના મૂળ છે. રસિક અને વિદગ્ધ છે. તે પોતે તો મધુર છે અને તેમની લીલાઓ પણ તેટલી જ મધુર છે. માટે તમે 'રામ'ની સેવા કરો છો તે છોડી દઈને કૃષ્ણની સેવા કરવા માંડો, અને મન, વચન તેમ જ કર્મથી તેનું જ શરણ લો.' હું મુરારિને ઘણી વાર આવી સલાહ આપતો અને મારું તે ઘણું માન રાખે છે તેથી તેના મન ઉપર અસર થઈ અને તેણે કૃષ્ણની ભક્તિ કરવાનું કબૂલ પણ કર્યું."

"પણ રાત્રે ઘરે ગયા પછી તેના મનને અતિશય ક્લેશ થવા લાગ્યો. આટલા દિવસ સુધી જેમની ભક્તિ કરી તે રામની સેવા છોડાય નહિ અને મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું મન કબૂલ કરે પણ નહિ. સવારમાં આવી મુરારિ મારા પગે વળગી પડ્યા. પછી તે બોલ્યા, "હું તો રામને વેચાઈ ચૂક્યો છું; તેમની સેવા છોડી દેવાનો વિચાર કરતાં જ મારું હૃદય ચીરાઈ જાય છે. બીજી બાજુ વિચાર કરું છું તો તમારી આજ્ઞા તોડવાનો અપરાધ થાય છે. માટે એવી કૃપા કરો કે આજે જ મારું મૃત્યુ થાય અને તેથી હું આ ધર્મસંકટમાંથી છૂટું."

આ સાંભળીને હું ઘણો જ ખુશ થઈ ગયો. મેં કહ્યું, "અરે મુરારિ ધન્ય છે તમને! કેવી તમારી દૃઢ નિષ્ઠા? કેવી અચળ તમારી ભક્તિ? મારી આજ્ઞાથી પણ તમે તમારી નિષ્ઠામાંથી ચલિત ન થયા!" માટે હું તમને સૌને કહું છું કે નિષ્ઠા અને ભક્તિને માટે તમે બધા મુરારિ ગુપ્તનું અનુકરણ કરજો. પોતાના ઇષ્ટ દેવતા તરફ ભક્તને એવી દૃઢ શ્રદ્ધા અને એવો અચળ પ્રેમ હોવાં જોઈએ કે તે દેવતા જાતે આવીને ભક્તને ચલાયમાન કરવાનો પ્રયત્ન કરે તોપણ ભક્તનું મન ડગે નહિ.

*With best Compliments From :*

Phone : 4943

**SAURASHTRA**

**INSECTICIDES & FERTILIZERS**

Gangajalia Talav, Bhavnagar (Saurashtra)

*: Distributors :*

(1) CIBA-GEIGY of India Ltd.
(2) Indofil Chemicals Ltd.



# એકનિષ્ઠ ભક્ત-વજીબાઈ

શ્રી નારાયણ હ. જાની

એક વાર શ્રી સહજાનંદ સ્વામી વિજાપુરમાં વિરાજતા હતા. સાંજની સભામાં ભક્તો ને સત્સંગીઓની સામે બેસી શ્રી શ્રીજી મહારાજ કથા સંભળાવી રહ્યા હતા.

કથામાં ભગવાનના ભક્તો વિષે ચર્ચા નીકળી. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, "તમારે વિજાપુરમાં જ અમારાં એકનિષ્ઠ ભક્ત છે. તમે તેમને જાણો છો?"

સભામાંથી કોઈએ પ્રત્યુત્તર ન કર્યો એટલે મહારાજશ્રીએ ઉત્તર કરતાં કહ્યું, "અહીં આ બેઠાં છે તે વજીબાઈ, અમારાં એવાં એકાંતિક ને એકનિષ્ઠ ભક્ત છે." સાંભળી વજીબાઈ શરમાઈ ગયાં. તેઓ સંકોચનાં માર્યાં નીચું જોઈ ગયાં. જ્યારે સભામાંના સહુની આંખો એમના પ્રત્યે મંડાઈ ગઈ. એમને થયું, "મહારાજે આ શું કર્યું? બધાંને હવે મારી સાથે મળતાં સંકોચ થશે. પ્રભુએ વાત ના કરી હોત તો સારું."

સહુએ વિનંતી કરી, "મહારાજ, વજીબાઈની અને એમની નિષ્ઠાની અમને વાત કરો."

શ્રીજી મહારાજે કહ્યું, "સથવારા નાતીનાં વજીબાઈ પહેલેથી સત્સંગી. પરંતુ પહેલાં મારગી પંથમાં હતાં એટલે ગામમાં કોઈ પણ વૈરાગી આવે તેની સારી રીતે સેવા કરે, પ્રેમપૂર્વક રાખે, જમાડે, ને વળી ગાંજોભાંગ પણ લાવી આપે. આવા વૈરાગીઓ ગમે તેવું ન ગમતું ફેલ કરે, તોયે એમના અવગુણ કદી મનમાં ન ધરે. આવો એમનો સરળ વૈરાગીઓ પ્રત્યે પૂજ્યભાવ."

આમ કેટલાંક વર્ષો વહી ગયાં, પછી એક વાર અમારા સાધુ રામદાસ વિજાપુરમાં પધાર્યા. સાધુ જાણી વજીબાઈએ એમનો સત્કાર કર્યો. પોતાને ત્યાં દસબાર દિવસ રાખ્યા ને તેમને મોઢેથી કથાવાર્તા સાંભળ્યાં ને સત્સંગ કર્યો. ત્યારે સાચા સાધુના ગુણો કેવા હોય તે વિષે એમની સમજ સ્પષ્ટ થઈ. પતિ–પત્ની બંનેનો ભ્રમ દૂર થયો, અને અમારા વિષે વાતો સાંભળી એમને અમારામાં અત્યંત શ્રદ્ધા ને આદર થયાં. એમને અમારા પ્રત્યક્ષ દર્શન તો થયાં ન હતાં, છતાં અમારા વિષે એમની નિષ્ઠા પાકી થઈ ગઈ. પછી કોઈ વૈરાગી આવે તો ગાંજો, ભાંગ કંઈ આપે નહિ ને ફક્ત અમારામાં અને અમારા સાધુઓમાં જ શ્રદ્ધા ને હેત રાખે."

"અમે આ વાત જાણી એટલે એક વાર બ્રહ્મચારી વેષે વિજાપુર આવ્યા ને ગામમાં લોકોને પૂછ્યું કે અહીં કોઈ ઉતારો કરીએ એવી જગા ખરી ? તો ગામમાંથી જાણવા મળ્યું કે પહેલાં વજીબાઈ સાધુ-બાવા વૈરાગીઓની સેવા કરતાં પરંતુ હવે બગડી ગયાં છે. ફક્ત સ્વામીનારાયણના સાધુ સિવાય બીજાની સેવા કરતાં નથી. એટલે તમે ત્યાં જાશો તો તમને કાંઈ સુખ નહિ થાય.

"આમ છતાં અમે તો એમને ત્યાં ગયા. અને ઉતારાની વિનંતી કરી તો પહેલાં ના પાડી. પછી અમે કહ્યું, તીર્થયાત્રી છીએ ને કાલે જતા રહીશું. તો કહે "આમ ભટકવાથી શું વળવાનું છે ? પારકું ખાઈ પીને શરીર વધારી ફરતા ફરવાથી થોડું કલ્યાણ થવાનું છે ? એમ ક્યાંય લક્ષ ચોર્યાસીના ફેરા થોડા મટવાના છે ? તમારા કલ્યાણની ઇચ્છા હોય તો હેતે કરી સ્વામીનારાયણને ભજો. એ પ્રકટ પ્રભુ છે." પતિ–પત્નીની આ વાત સાંભળી અમે કહ્યું, "તમે તો ભોળાં છો એટલે તમને કોઈએ ભરમાવ્યાં છે, સ્વામીનારાયણ તો મહાપાખંડી છે, તેણે તો બાબરો ભૂત સાધ્યો છે. વળી



તેની પ્રસાદી ખાય તે ગાંડા થઈ જાય છે. માટે તમે એના ફંદામાંથી છૂટો."

ત્યારે વજીબાઈએ કંઈક રોષમાં અમને કહ્યું, "આવાં ગપ્પાં શું મારો છો ? તે તો, અનંત કોટિ બ્રહ્માંડના કારણ છે ને પ્રકટ થઈને અગણિત જીવોનો ઉદ્ધાર કરે છે. વળી દેવો પણ એમની સ્તુતિ કરે છે. એટલે અજ્ઞાની જીવો એમને શુ જાણે ?"

અમે સામો પ્રતિકાર કરતાં કહ્યું, "અરે આવા કળિ-યુગમાં ભગવાન ક્યાંથી હોય ? તમે કહો તો કાશી સુધીના પંડિતો બોલાવી મોટી સભા કરી નિર્ણય કરાવીએ. તે સાચા કહે તો ભગવાન સાચા."

પંડિતોનું નામ સાંભળતાં જ કંઈક છંછેડાઈ પડેલાં વજીબાઈ બોલ્યાં, "યમુનાજીના કાંઠે યજ્ઞ કરનારા ઋષિઓ ભગવાન કૃષ્ણને પ્રત્યક્ષ હોવા છતાં નો'તા ઓળખી શક્યા, તો પછી બિચારા પંડિતો કે શાસ્ત્રીઓનું શું ગજું ? વળી પેલા ઋષિઓ કરતાં તો ગોવાળિયા સારા કે તેઓએ પ્રત્યક્ષ પ્રભુને જાણ્યા, જ્યારે બ્રહ્મા પણ ભગવાનને ઓળખવામાં ગોથું ખાઈ ગયા, તો આજના પંડિતો બિચારા કેમ ઓળખી શકવાના ? પછી ધીમેથી ઉમેર્યું, ભગવાનને ઓળખવામાં બુદ્ધિ કામ આવતી નથી. એમાં તો ભગવાનની કૃપા કે પૂર્વજન્મના સારા સંસ્કાર હોય તો જ ઓળખાય."

આ સાંભળી અમે મનમાં તો ખૂબ રાજી થયા, પરંતુ એમનો વિરોધ કરતાં કહ્યું. "તમને ખરે જ કોઈએ ભરમાવ્યાં છે. તમે સ્વામીનારાયણને ઓળખતાં નથી."

આથી વજીબાઈએ ગુસ્સામાં આવી અમને કહ્યું, "તું સાવ ખોટો છે ને તારા ગુરુય તારા જેવા ખોટા છે. માટે અહીંથી ઊઠીને ચાલ્યો જા. અમે તો શિર જાય પણ સ્વામી-નારાયણને હવે મૂકીએ નહિ."

અમને એમની નિષ્ઠાની પાકી ખાતરી થઈ ગઈ. એમની શ્રદ્ધા અચળ દેખાણી એટલે અંદરખાને રાજી થયા, પરંતુ તેના પતિએ અમને જ્યારે બીક દેખાડી કાઢી મૂકવા કહ્યું, ત્યારે "અમારે કશું જોતું નથી. અહીં પડી રહેવા દો" એટલી વિનંતી કરી ત્યારે એમણે પાથરવા–ઓઢવા કંઈ નહિ મળે, બીડી–તમાકુ નહીં પીવાની શરતે અમને પડી રહેવા દીધા.

થોડી રાત ગઈ એટલે જમીન કૂચવા માંડી એટલે અમે એને ઉઠાડી ખાટલો આપવા કહ્યું, તો એણે કહ્યું "અહીં ખાટલો કેવો ? ખાટલો છે જ નહિ," તો અમે કહ્યું, "તારા બીજા ઓરડામાં પલંગ પડ્યો છે, તે અમને આપ." અમારી વાત સાંભળી વજીબાઈ આશ્ચર્ય પામ્યા ! ઘરમાં ગયા સિવાય બીજા ઓરડામાં પલંગ છે તે અમે કેમ જાણ્યું ! એમણે પલંગ કાઢી આપ્યો. પછી અમે ગોદડું માગ્યું તો કહે, 'બધાં ગોદડાં પાથરી અમે સૂતાં છીએ.' ત્યારે અમે કહ્યું, 'હજુ ગોદડાંની થપ્પી પડી છે, તેમાંથી એક નવું ગોદડું આપો.'

અમારી આ બીજી વાત સાંભળી એમને વધારે આશ્ચર્ય થયું. મનમાં થયું પણ ખરું કે અમે કોઈ ચમત્કારી સાધુ છીએ. એમણે બે ગોદડાં કાઢી આપ્યાં. પછી બોલ્યાં કે, "તમારી આવી વાતોથી હુ જરાય ભરમાઉં નહીં હોં !"

અમે પછી ઓશરીમાં ઢોલિયો ઢાળી સૂતા. અર્ધી રાતે અમારું ઐશ્વર્ય દેખાડવા અમે અમારા ચરણારવિંદ છેક ઘર સામેના પીપળાની ડાળ સુધી લાંબા કરી સૂતા. અર્ધી રાતે બાઈએ જાગીને બહાર જોયું તો અમારા પગ પીપળાની ડાળ સુધી લાંબા જોઈ, ખૂબ જ આશ્ચર્ય પામ્યાં. પરંતુ મનમાં પાકો નિશ્ચય કે તમે ગમે તેવા ચમત્કારો દેખાડો, પરંતુ મારો સ્વામીનારાયણનો નિશ્ચય પાકો. તેમના સિવાય



સહુ માયાના દાસ છે–પછી ભલે તે ગમે તેવું મોટું સ્વરૂપ ધરે કે આકાશમાં ઊડે. સમુદ્ર ઉપર ચાલે કે માણસના મનની બધી વાતો કહી દે. આ બધા તો યોગીઓના ખેલ છે. મારે મન ભગવાન સ્વામીનારાયણ સિવાય બીજા સર્વે ખોટા.

વળી એણે કહ્યું, "અરે તમે તો શું, પરંતુ બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ – ગમે તેવા ચમત્કારો કરી અમને ભરમાવા આવે, છતાં અમે અમારા સ્વામીનારાયણ સિવાય બીજાને ભગવાન માનીએ નહીં. એમ નિશ્ચય કરી, તે સૂઈ ગયાં."

બીજે દિવસે સવારે તો અમે ચાલી નીકળ્યા. પછી એક વાર ગઢપુરમાં ભારે મોટો સામૈયો થયેલો. તેમાં વજીબાઈ પણ આવ્યાં. સામૈયાની ભારે ભીડ જોઈ એક બાજુ ઊભા રહ્યાં. તેમને જોઈ અમે સત્સંગીઓને કહ્યું, "પેલાં બાઈને બોલાવી લાવો." પછી વજીબાઈ પાસે આવી પગે લાગ્યાં ત્યારે અમે કહ્યું, "આ ચરણારવિંદ તો તમારા ઘર આગળના પીપળાને અડકયાં હતાં. ઓળખો છો ?"

આ સાંભળી વજીબાઈ એકદમ શરમાઈ ગયાં. ત્યારે પાસે ઊભેલાં મોટીબાએ અમને શરમાવાનું કારણ પૂછ્યું એટલે એમને બધી હકીકત સવિસ્તાર કહી.

અંતમાં શ્રીજી મહારાજે કહ્યું. "જેને અમારો દૃઢ નિશ્ચય હોય, તેને બ્રહ્માદિક દેવો ડગાવે તો પણ ડગે નહિં એવી એકાંતિક નિષ્ઠા અમારામાં આ વજીબાઈ ધરાવે છે."

સહુ સત્સંગીઓ પણ વજીબાઈની આવી એકનિષ્ઠા વિષે સાંભળીને મનોમન નમી રહ્યા. પોતાના ઉપાસ્યમાં કેવી અપૂર્વ નિષ્ઠા !

('શ્રી પુરુષોત્તમ લીલા સુખસાગર'ના આધારે)

❀

## મધુરા મિલને

જીવન તમારા મિલને મધુરૂં બની ગયું છે.
ઊંડી અશાંતિ વ્યાપી અંતરમહીં હંમેશાં;
સિંધુમહીં નિરંતર મારી રહ્યો હલેસાં,
આવી ગયો કિનારો, ઉર શાન્ત ને થયું છે...જીવન૦

અસ્વસ્થતા મટી છે મનડાતણી સદાની,
કર્તવ્ય દિવ્ય બનિયાં, દેવી બની છે વાણી,
જે જે હતું અમંગળ, તે સહુ જલી ગયું છે...જીવન૦

આનંદના ફુવારા આઠે પહોર ઊડે,
ને પ્રાણ આ રમે છે નિત નવ્ય ખેલકૂદે;
કિસ્મત બધું ફર્યું ને મંગલ બની રહ્યું છે...જીવન૦

આશ્રય મળ્યો છે મોટો અંતર અનાથને આ,
ખડભાગશું બનેને થાયે પ્રસન્ન ના કાં?
પાગલ હતું જે ખાલી ભરપૂર તે થયું છે...જીવન૦

– યોગેશ્વરજી

## બૂરાઈને ભૂલી જજો

સુખદ યાદી ભરી સૌની,
દુઃખદ ભૂલને ભૂલી જાજો;
સુવાસિત યાદ લઈ ગુલની,
એ કંટકને ભૂલી જાજો.

સહુ સદ્‌ગુણ સંભારી, બધા અવગુણ વિસારી;
મધુરપને ભરી મનમાં, કટુતાને ભૂલી જાજો.

ઋણાનુબંધ ધર્મોથી, મળ્યાં પૂર્વેનાં કર્મોથી,
મળે અપમાન તો ઝીલી, હુંપદને ત્યાં ભૂલી જાજો.

નિરાશાનાં પડળ તોડી, સુકર્મે આશને જોડી;
છૂપા ઘાવો સદા સહેતાં, એ દુશ્મનને ભૂલી જાજો.

મહત્તા છે જ ભૂલવામાં,
સદાનંદે જ ઝૂલવામાં;
ભલાઈ યાદ રાખીને,
બુરાઈને ભૂલી જાજો.

– કમલા ઠક્કર



## પ્રાર્થના

નવજીવન માનવને આપ્યું, ધર્મ નીતિ સમજાવીને,
સદાચારના આચરનારા, નમન તપસ્વી યોગેશ્વરને.

પ્રભુભક્તિના પાઠ શીખાવ્યા, ધર્મ બધા અવલોકીને,
સગુણ-નિર્ગુણના પરમ પ્રચારક, વંદન સમદષ્ટા તમને.

જનકલ્યાણે ફરે જગતમાં, છતાં અડગ જે નિયમથી,
એવા યોગી યોગેશ્વરમાં, રહેજો અમ મનડાં ખૂંપી.

પ્રેમરૂપ પ્રભુ પરમકૃપાળુ, વીતરાગીને વંદન હો,
અવનિ પર અમૃત વરસાવી, શીતળતા સૌને બક્ષો.

સત્યવતા સંનિષ્ઠ યોગીની, પવિત્રતા ઘટમાં જાગો,
સાધક કેરા મન મંદિરમાં, તવ દર્શન નિશદિન થાઓ.
પ્રભુદર્શન નિશદિન થાઓ.

– રાજેશ કાપડિયા

## શું કર્યું ગીતા ગાઈને રે....

( રાગ – ગરબો )

શું કર્યું ગીતા ગાઈને રે, તેં શું કર્યું ગીતા ગાઈને...
પોથી વાંચીને પરમારથ ન કીધો રે, રહ્યો રથ સ્હાઈને રે...
પરને પરમોધ્યો ને આપ ન શોધ્યો રે, ધિક પડી પંડિતાઈને...
ભાગવત ભાખે નેહેત રૂદિયે ન રાખે રે, ધનને કાજે મુઓ ધાઈને રે...
જેમ ભુજંગને માથે મણિ છે રે, તેને તેજે જીવે જીવ ખાઈને રે...
ભણ્યો ખરો પણ ભેદ ન જાણ્યો રે, કુટુમ્બ પોષ્યું કમાઈને રે...
મન મેલું તેને માંજી ન શક્યો રે, ટાળ્યાં નહિ કર્મ કસાઈને રે...
કહે પ્રીતમ પોતાને ડહાપણ રે, હરિ હીરો તે હાથથી ગમાઈને રે...

– કવિ પ્રીતમદાસ

હરિ ગુણ ગાતાં હેતસું, ઉધર્યાં અધમ અનેક;
પ્રીતમ પલક ન છાંડીએ, હરિકીર્તનની ટેક.

તિલક-છાપ તુલસી અંગે, મુખે ગોવિંદગુણ ગાય;
પ્રીતમ પ્રાણી પતિત હોયે, પ્રેમે પુનિત તે થાય.

– પ્રીતમદાસ



# સેવામૂર્તિ બાબુભાઈ

ο

**શ્રી સર્વેશ્વરી**

**શ્રી બાબુભાઈ વોરા**

નિવૃત્ત સરકારી અમલદાર. ખાદીનો સાદો વેશ. શાંત ગંભીર મુખ. મૂંગે મોઢે કોઈનું પણ કામ સેવાભાવે કરી છૂટવાની ભાવના. માન, પ્રશંસા કે પદની અપેક્ષા નહીં. થાક, આળસ, કંટાળાનું તો નામનિશાન નહીં. ૬૬ વર્ષની મોટી ઉંમરે પણ યુવાનોને શરમાવે એવો ઉત્સાહ—નવી નવી સેવાની પ્રવૃત્તિઓ કર્યે જ જવાનો સ્વભાવ—અને પૂ. શ્રી યોગેશ્વર જેવા સમર્થ મહાપુરુષની તન, મન, ધનથી સેવા કરવાનો જ જેમનો જીવનમંત્ર હોય એવા એક વ્યક્તિવિશેષના પરિચયમાં હમણાં જ સવિશેષ આવવાનું બન્યું. ત્યારે મને લાગ્યુ કે સાચે જ એ અમદાવાદનું મહામૂલું છતાં છૂપું રત્ન છે. એમનું શુભ નામ શ્રી બાબુભાઈ વોરા.

શ્રી બાબુભાઈ અમદાવાદમાં ૪૦ વર્ષોથી રહે છે, છતાં હજી તો ત્રણેક વરસ ઉપર જ એમણે પૂ. શ્રી યોગેશ્વરજીનાં



પ્રવચનો સાંભળ્યાં, અને દિવ્ય જીવન સંઘે ફરી એ પ્રવચનો ગોઠવવાની અશક્તિ દર્શાવી ત્યારે એ સત્સંગને લોકકલ્યાણ-અર્થે પણ ચાલુ રાખવા એકલે હાથે જ પૂ.શ્રીનાં પ્રવચનો ગોઠવવાની ભાવના એમના મનમાં જાગી. સાથે જ, એમણે એકલે હાથે ૧૯૭૭ના મે માસમાં પ્રથમ વાર સ્વતંત્ર રીતે સમર્થેશ્વર મહાદેવમાં પ્રવચનો ગોઠવ્યાં : ત્યારથી અત્યાર-સુધી વરસમાં બે વાર નિયમિત રીતે એ પ્રવચનો ગોઠવાયા જ કરે છે. પ્રથમ વારનાં પ્રવચનોની સાથે જ એમણે પૂ.શ્રીની પ્રેરણાથી એક ધ્યાનકેન્દ્ર સમર્થેશ્વર મહાદેવમાં શરૂ કર્યું. એ એક ધ્યાનકેન્દ્રની પ્રવૃત્તિ આજે તો વિકાસકૂચ કરીને પાંચ પાંચ ધ્યાનકેન્દ્રો સુધી પહોંચી ગઈ છે! એ જ અરસામાં મહાત્મા યોગેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના પણ એમના સહકારથી થઈ. કોઇ પણ જાતના અનુભવ વિના કોઈ પણ શિબિરમાં ભાગ લીધા વિના, પૂ.શ્રીના સાંનિધ્યે યોજાતી છઠ્ઠી ધ્યાનસાધના શિબિર અમદાવાદને આંગણે જ થાય એવી એમણે જ હિંમત કરી. એમને કોઈ કે પૂછ્યું કે, "તમને શિબિરનો તો અનુભવ નથી, તો તમે શિબિર કેવી રીતે કરી શકશો?" તેમણે નમ્રતાપૂર્વક શ્રદ્ધાભક્તિ સાથે જવાબ આપ્યો કે "યોગેશ્વરજીની કૃપાથી સર્વપ્રકારની અનુકૂળતાઓ થઈ રહેશે અને શિબિર સફળ થશે જ." એ શબ્દોમાં એમની શ્રદ્ધાનો રણકો વરતાતો હતો. અને સાચે જ શિબિર સફળ થઈ. એ રીતે એમની શ્રદ્ધાભક્તિ વધતી જ રહી છે.

પૂ.શ્રીના પરદેશ પ્રવાસના પ્રથમ વિદાય સમારંભ અને ફરી ભારત આવ્યા ત્યારે પ્રથમ સત્કાર સમારંભ યોજવાનો યશ પણ એમને જ ફાળે જાય છે. ગુરુપૂર્ણિમાના પવિત્ર પ્રસંગે પૂ.શ્રી વરસોથી હિમાલય જ હોય છે. પરંતુ આ વરસે પ્રથમ વાર પૂ.શ્રી અમદાવાદ હોઈ, ૧૯૭૯નો ગુરુ-

પૂર્ણિમાનો પ્રથમ જાહેર ઉત્સવ યોજવાનું ઉત્તમકાર્ય પણ એમણે જ કર્યું. આમ એક પછી એક પ્રવૃત્તિના પ્રેરક, સર્જક અને આધારસ્તંભ બાબુભાઈ જ બની ગયા.

૧૯૭૯ની સાતમી ધ્યાન સાધના શિબિર મોરબીમાં થઈ, ત્યાં બાબુભાઈએ સાધક તરીકે ભાગ લીધો. શિબિર પછી તરત જ અમદાવાદમાં પૂ.શ્રીનાં પ્રવચનો હોવાથી, મને પણ પૂ.શ્રી સાથે અમદાવાદ આવવાનું ખાસ આમંત્રણ આપ્યું. અને પ્રથમ વાર અમદાવાદમાં પૂ.શ્રીનો અલગ ઉતારો ગોઠવવાની નૈતિક હિંમત પણ એમણે જ કરી.

એમની સેવાના મંગલમય મંદિરના ઘુમ્મટ ઉપર સુવર્ણ કળશ ચઢાવે એવો પ્રસંગ એ પછી બન્યો. તારીખ ૮-૧૧-'૭૯ના રોજ પૂ. શ્રીનાં પ્રવચનો પૂરાં થયાં, બીજે જ દિવસે પૂ.શ્રી હૃદયરોગના પ્રથમ હુમલાનો ભોગ બન્યા ત્યારે પણ તરત જ, ડૉકટરી તપાસ કરાવવાની ને વિવેકાનંદ હૉસ્પિટલમાં ખસેડવાની પ્રવૃત્તિ પણ બાબુભાઈએ જ પ્રેમ-પૂર્વક ઉપાડી લીધી. તે જ રાતે એક નાનકડી શેતરંજી લઈ ને સુવા માટે હૉસ્પિટલમાં પણ આવી પહોંચ્યા. પલંગ હોવા છતાં નીચે જ સુવાનો આગ્રહ તેમણે ચાલુ રાખ્યો. એવી એમની સાદાઈ.

તા. ૧૫-૧૧-'૭૯ની મોડી રાતે પૂ.શ્રીને બીજો હુમલો થયાની જાણ થતાં, તુરત જ પોતાના ડૉકટરપુત્રને લઈને આવી પહોંચ્યા. શહેરના સર્વશ્રેષ્ઠ ડૉકટરોને તાત્કાલિક બોલાવી ઉત્તમ સારવાર કરાવી; અને તે જ દિવસથી પૂ.શ્રીની તથા સાથે સેવા કરનારાઓની ભોજનની વ્યવસ્થાનો ભાર પણ સ્વેચ્છાએ સેવાભાવે ખૂબ આગ્રહ કરીને એમણે ઉપાડી લીધો. જે આજે પણ ચાલુ જ છે.



પ્રસંગો ખૂબ નાના હોય છે; પણ એમાંથી વ્યક્તિના ચારિત્ર્ય અને ગુણોનું દર્શન થતું હોય છે. એવા કેટલાક પ્રસંગો જોવા મળ્યા.

એમની અગમચેતી તો જુઓ ! તા. ૭-૧૨-'૭૯ના રોજ પૂ.શ્રીને હૉસ્પિટલમાંથી રજા મળી ત્યારે પણ એમણે જ અમદાવાદ જેવા શહેરના શાંત વિસ્તારમાં મળવો અતિ-મુશ્કેલ એવો ચારૂલ ફ્લેટ પૂ.શ્રીના આરામ માટે મેળવી લીધો ! અને ત્યાં પણ પૂ.શ્રીના મેડીકલ ચેક-અપ માટે પૂરતું ધ્યાન આપવા નિયમિત ડૉકટરી તપાસની વ્યવસ્થા અને જરૂર પડ્યે મોટા કન્સલટન્ટોની વ્યવસ્થા પણ આ વ્યક્તિવિશેષે ગોઠવી રાખેલી.

પૂ.શ્રીની માંદગી પહેલાં જ બાબુભાઈએ પોતાના સંચાલન હેઠળ બાર જ્યોતિર્લિંગોની યાત્રાનું આયોજન કર્યું હતું. પરંતુ પૂ.શ્રીની માંદગીને કારણે આર્થિક નુક-સાન વેઠીને પણ એમણે એ યાત્રા બંધ રાખી. એ અંગે વાત નીકળતાં બાબુભાઈએ કહ્યું, "આ પણ (પૂ.શ્રીની સેવા) યાત્રા જ છે ને ! સ્વામીજી સારા થઈ જાય પછી યાત્રાએ ક્યાં નથી જવાતું ?" કેવી ઉમદા લાગણી !

આટલી મોટી ઉંમરે પણ પોતાનો ગમે તેવો વજનદાર સામાન પણ શ્રી બાબુભાઈ જાતે જ ઊંચકવાનો આગ્રહ રાખે, હૉસ્પિટલમાં લીફ્ટની સગવડ છતાં કદી રાહ ન જોતાં ત્રણ-ત્રણ દાદર સામાન સાથે જ ચઢી જવા જેટલી તન્દુ-રસ્તી. ધ્યાનકેન્દ્રો કે પ્રવચનસ્થળોએ પાથરણાં પાથરવાં, કે ઝાડુ કાઢી નાંખવું, કે માઈક ગોઠવવાનું કામ કરવામાં જરા પણ ખચકાટ કે નાનમ ન અનુભવે. પોતાના સહકાર્ય-કર્તાઓ કે સમકક્ષ કોઈપણ આવે તો, પોતાની બેઠક તુરત આપી દેવા જેટલી સાહજિક નમ્રતા.

હોસ્પિટલમાં કે ચારૂલ ફ્લેટ ઉપર બહારગામથી આવનાર દર્શનાર્થીઓને પોતાને ઘેર જ ભોજન ને ઉતારા માટે લઈ જવાનો એઓ સતત આગ્રહ રાખે છે. આ યુગમાં આવા અસાધારણ અતિથિસત્કારની ભાવનાવાળા ભદ્રપુરુષ તો કોઈક જ જોવા મળેને!

પોતાના જીવનમાં બનતા પ્રસંગોને કે અનુકૂળતાઓને તેઓ પૂ. શ્રીની કૃપાનું પરિણામ માને છે. ત્રણ જ વરસના અલ્પ સમયમાં કેવી અનન્ય શ્રદ્ધા અને કેવી અનેકવિધ પ્રવૃત્તિઓ! એ તો પૂ. શ્રીના શબ્દોમાં કહીએ તો "બાબુભાઈ તો દેવપુરુષ છે, દેવપુરુષ. એવા પુરુષો સમાજમાં વિરલ જ હોય છે."

શ્રી બાબુભાઈમાં અનેકવિધ કાર્યોમાં એકસરખો ઉત્સાહ, રસ, શ્રદ્ધા ને સેવાભાવ જણાયો છે. એ તો સમજી શકાય કે કુટુમ્બની એક વ્યક્તિને કોઈ સંતમહાત્માની સેવામાં રસ હોય, પણ આ તો બાબુભાઈનું આખું કુટુંબ સેવાભાવથી સભર. ઘરના બધાં જ સભ્યો એમની ભાવનામાં પૂર્તિ કરવા સદા તત્પર. "સ્વામીજીની આવી સેવાનું સદ્ભાગ્ય અમને ક્યાંથી મળે?" આ એમની ધર્મપત્ની સમજુબેનના ઉદ્ગાર! કેવું વિરલ સેવાપરાયણ કુટુંબ!

શ્રી બાબુભાઈનો નિત્યક્રમ પણ જાણવા જેવો છે. સવારે ૪–૩૦ વાગ્યે ઊઠી જવું, નિયમિત દેવસેવા કરી મહાદેવનાં દર્શને ૬–૪૦ વાગ્યે પહોંચી જવું. ત્યાંથી વળી ધ્યાનકેન્દ્ર અથવા સંન્યાસ આશ્રમમાં કથાશ્રવણ કરવા ઉપડી જવું. વળી ૧૦–૦૦ વાગ્યે પાછા પૂ. શ્રી પાસે ભોજનની સેવા માટે હાજર થઈ જવું. ૧૧ થી ૫ સુધી અમદાવાદની 'અજોડ ડેરી'ના જનરલ મેનેજર તરીકે સરકારે આગ્રહ કરીને ફરી સોંપેલી ખાસ ફરજ ઉપર હાજર રહી કાર્ય કરવું.



સાંજે ૬ વાગ્યાથી ફરી પૂ. શ્રીની સેવામાં હાજર થઈ, મોડી રાતે ઘરે જવું. આ છે એમનો પ્રેરક નિત્યક્રમ.

હવે શ્રી બાબુભાઈની ઇચ્છા આધ્યાત્મિક રીતે આગળ વધવાની અને સેવાની વિવિધ પ્રવૃત્તિમાં વધુ રસ લઈ શકાય, એ હેતુથી ડેરીની જવાબદારીમાંથી છૂટા થવાની છે.

હજી તો ધ્યાનકેન્દ્રોનાં અલગ મકાનો અને પૂ. શ્રીના અલગ સ્વતંત્ર નિવાસની યોજના એમના શ્રદ્ધાળુ હૃદયમાં આકાર લઈ રહી છે.

સેવાની કોઈ પણ પ્રવૃત્તિ પદ, પ્રતિષ્ઠા કે પૈસાની અપેક્ષા વિના, શ્રદ્ધા ને નિષ્ઠાથી તેઓ કર્યે જ જાય છે. એઓ કહે છે કે "આપણે તો નિમિત્ત માત્ર છીએ. આપણને નિમિત્ત બનાવી પૂ.શ્રી યોગેશ્વરજી જ બધું કાર્ય કરી રહ્યા છે. એથી આપણે તો એ કાર્ય રસપૂર્વક કરી છૂટવાનું જ છે."

આવા સેવામૂર્તિ દેવપુરુષ શ્રી બાબુભાઈના હાથે હજી પણ સેવાનાં ઘણાં કાર્યો થતાં રહે, અને પૂ. શ્રી યોગેશ્વરજીના વિશાળ કલ્યાણ કાર્યમાં મહત્ત્વનાં સેવાનાં સોપાનો એમના થકી સર થતાં રહે, એ માટે પ્રભુ તેમને લાંબુ તંદુરસ્ત આયુષ્ય આપે, એ જ પ્રાર્થના છે.

જે જીવન સમાજસેવાના કાર્યમાં ઉપયોગી બને છે તે જ જીવન ખરેખર સાર્થક, સફળ અને ધન્ય છે. એ દૃષ્ટિએ જોતાં, શ્રી બાબુભાઈનું જીવન સાચે જ સાર્થક, સફળ અને ધન્ય છે.

# भवान्यष्टकम्

श्री ઈશ્વરભાઈ પ્ર. પટેલ

( १ )

न तातो न माता न बन्धुर्न दाता
न पुत्रो न पुत्री न भृत्यो न भर्ता ।
न जाया न विद्या न वृत्तिर्ममैव
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૧ )

પિતા માત ભાઈ નહીં પુત્ર પુત્રી,
નહીં દાસ દાતા, ન સ્વામી, ન પત્ની,
નહીં કોઈ મારું, ન વિદ્યા ન વૃત્તિ,
તમે ફક્ત મારી ગતિ છો ભવાની !

( २ )

भवाब्धावपारे महादुःखभीरुः
पपात प्रकामी प्रलोभी प्रमत्तः ।
कुसंसारपाशप्रबद्धः सदाहम्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૨ )

ભવાબ્ધિ મહીં હું પડ્યો દુઃખ ભીરુ,
મતીલો વળી કામી લોભી સદાયે,
કુસંસારના બંધને બદ્ધ નિત્યે,
તમે ફક્ત મારી ગતિ છો ભવાની !



( ३ )

न जानामि दानं न च ध्यानयोगं
न जानामि तंत्रम् न च स्तोत्रमंत्रं ।
न जानामि पूजाम् न च न्यासयोगं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૩ )

નહીં દાન જાણું, નહીં ધ્યાનયોગ,
ન જાણું વળી તંત્ર ને મંત્રશક્તિ !
ન પૂજા ય જાણું, નહીં ન્યાસયોગ,
તમે ફક્ત મારી ગતિ છો ભવાની !

( ४ )

न जानामि पुण्यं न जानामि तीर्थं
न जानामि मुक्तिं लयं वा कदाचित् ।
न जानामि भक्तिं व्रतं वापि मातर्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૪ )

નહીં પુણ્ય જાણું, નહીં તીર્થયાત્રા,
નહીં મુક્તિ જાણું, ન મૃત્યુ કદીયે,
વ્રતો ભક્તિયે હું ન જાણું, જનેતા !
તમે ફક્ત મારી ગતિ છો ભવાની !

( ५ )

कुकर्मी कुसंगी कुबुद्धिः कुदासः
कुलाचारहीनः कदाचारलीनः ।
कुदृष्टिः कुवाक्यप्रबन्धः सदाहम्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૫ )

કુકર્મી, કુસંગી, કુબુદ્ધિ, કુદાસ,
કુલાચાર હીણો, દુરાચાર લીન,
કુદૃષ્ટિ, કુવાણી, વદંતો સદાયે —
તમે ફક્ત મારી ગતિ છો ભવાની!

( ૬ )

प्रजेशं रमेशं महेशं सुरेशं
दिनेशं निशीथेश्वरं वा कदाचित् ।
न जानामि चान्यत् सदाहं शरण्ये
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૬ )

મહાદેવ બ્રહ્મા ન વિષ્ણુ ય જાણું,
ન કે જાણું હું ચંદ્રમા, સૂર્યદેવ,
પિછાણું નહીં કોઈને હું, જનેતા!
તમે ફક્ત મારી ગતિ છો ભવાની!

( ૭ )

विवादे विषादे प्रमादे प्रवासे
जले चानले पर्वते शत्रुमध्ये ।
अरण्ये शरण्ये सदा मां प्रपाहि
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૭ )

વિવાદે, વિષાદે, પ્રમાદે, પ્રવાસે,
જલે, અગ્નમાં, પર્વતે, શત્રુમધ્યે,
મને રક્ષજો જંગલે સર્વદા યે,
તમે ફક્ત મારી ગતિ છો ભવાની!



( ૮ )

अनाथो दरिद्रो जरारोगयुक्तो
महाक्षीणदीनः सदा जाड्यवक्त्रः ।
विपत्तौ प्रविष्टः प्रणष्टः सदाहम्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥

( ૮ )

સદા હું દરિદ્રી ય રોગી, અનાથ,
વળી દીન દુર્બલ, સદાયે વિનાશી,
વિપત્તિ મહીં હું ડૂબેલો, જનેતા!
તમે ફક્ત મારી ગતિ છો ભવાની!

( શ્રીમદ્ શંકરાચાર્યકૃત ભવાની અષ્ટક સંપૂર્ણ. )

❀

## સમન્વયની જરૂર

ભારતવર્ષની મહાનતા એણે માનવજાતિના નવનિર્માણને માટે આત્મિક દુનિયાના પ્રદેશમાં જે મહત્ત્વનો ફાળો આપ્યો છે તેમાં રહેલી છે. એના વર્તમાન કટોકટીભર્યાં વખતમાં પણ એણે આત્માની ઉજ્જવળતાનો અનુભવ કરવાનું કામ મૂકી નથી દીધું. પ્રાચીન કાળના સંતો ને મહાત્માઓ તરફથી એનો આધ્યાત્મિક ધનભંડાર એને વારસામાં મળેલો છે. સાંસારિક શક્તિ અને સંપત્તિને બદલે આત્મિક વૈભવની એણે હંમેશા ઉપાસના કરી છે. છતાં પણ સાંસારિક અને આત્મિક બંને ક્ષેત્રોનો સમન્વય એ આપણા આજના જમાનાની જરૂરત છે. એથી જ સર્વલક્ષી સુધારણા કરી શકાશે, ગમે તેવા ઊંચા રાજકીય આદર્શો પણ જો આત્મિક મૂલ્યોના આધાર વિનાના હશે તો જીવનની સમસ્યાઓનો સંપૂર્ણ ઉકેલ નહિ કરી શકે.

– સ્વામી રામદાસ

# પ્રાર્થના સંભળાય છે હો !

શ્રી રાજુ પુરોહિત

વાત્સલ્ય મૂર્તિ પૂ. મા સર્વેશ્વરી મોરબી શિબિરમાં એક પ્રસંગ વારંવાર કહેતાં. પૂ. ગુરુદેવ સાથે બે વર્ષ પહેલાં તેમને કેટલાક ભક્તજનો સાથે દક્ષિણની યાત્રા કરવાનો સુ-અવસર પ્રાપ્ત થયેલ. આ યાત્રામાં પૂ. મા પણ હતાં. એક વખત યાત્રા દરમ્યાન એવું બન્યું કે સૌ સાધકો અને પૂ. ગુરુદેવથી દૂર એક શાંત સ્થળે વૃક્ષ નીચે પૂ. મા પ્રાર્થનામાં બેઠાં. બંધ આંખે એકાગ્ર ચિત્તે અંતરથી પ્રાર્થના ચાલતી હતી. ‘મા’ને થયું, “પૂ.શ્રી મારા માથા પર હાથ મૂકે તો કેવું સારું ?”

આમ પ્રાર્થના ચાલતી હતી ત્યાં અચાનક જ તેમના મસ્તક પર પૂ.શ્રીનો વરદ હસ્ત મૂકાયો અને બોલ્યા, “પ્રાર્થના સંભળાય છે હો !” પૂ.શ્રી વારંવાર કહે છે કે પ્રાર્થના સંભળાય છે અને તેનો યોગ્ય સમયે પ્રત્યુત્તર પણ મળે જ છે. શ્રદ્ધા-ભક્તિથી સાત્ત્વિકભાવે કરેલ પ્રાર્થના નિષ્ફળ જતી જ નથી.

આવો જ એક સુંદર અનુભવ મને થયો : પૂ.શ્રીની માંદગીને કારણે તેઓ વિવેકાનંદ હોસ્પિટલમાં આરામ કરતા હતા. એક વખત હું અંદર ગયો. દર્શન કર્યાં અને પછી બહાર બાંકડા પર બેઠો. મનમાં મનમાં પ્રાર્થના ચાલતી હતી. મને થયું : પૂ.શ્રી મારા મસ્તક પર હાથ મૂકે તો ? મારા મનમાં કોણ જાણે આવો ભાવ થઈ આવ્યો ! હું જાણતો હતો કે તેઓ માંદા છે. તેઓને અશક્તિ ઘણી છે. છતાં આવી એક સાત્ત્વિક ઇચ્છા મને થઈ આવી. પૂ. માનો ‘પ્રાર્થના સંભળાય છે હો !’ એ પ્રસંગ યાદ આવ્યો અને મારી આંખમાં આંસુ



આવી ગયા. થયું, મારામાં તો શું યોગ્યતા હોય કે પૂ.શ્રી મારા માથા પર સામેથી બોલાવીને હાથ મૂકે ? અને મારી અયોગ્યતા, મારા દુર્ગુણો યાદ આવતાં દુઃખ સાથે પ્રાર્થના કરી, “પ્રભુ મને શુદ્ધ કરો, પવિત્ર કરો – આશીર્વાદ આપો.”

આંખો બંધ હતી. પ્રાર્થના ચાલુ હતી.

ત્યાં જ પૂ. માનો અવાજ સંભળાયો, “રાજુભાઈ મહાત્માજી બોલાવે છે.” હું અંદર ગયો, પૂ.શ્રીને પ્રણામ કર્યા. તેમણે પાસે બોલાવ્યો. પછી ધીમેથી પોતાનો હાથ મસ્તક પર મૂક્યો ! ધીરે ધીરે મારા માથા પર, કપાળે અને આખા ચહેરા પર હાથ ફેરવતા ગયા. અને અત્યંત પ્રેમથી મારી સાથે વાતો કરતા ગયા. તે મૃદુ સ્પર્શે, મા પોતાનાં બાળકનાં મસ્તક પર હાથ ફેરવે અને બાળકને જે શીતળતા, જે શાંતિ, અને જે આનંદ મળે તેનો મને અનુભવ કરાવ્યો એ ક્યારેય નહિ ભૂલાય. બહાર નીકળતાં મને થયું આટલી માંદગી છતાં પોતાના ભક્તોની તેઓ કેટલી બધી સંભાળ રાખે છે! કેવું ધ્યાન રાખે છે!

તેમની અપૂર્વ શક્તિનો પરિચય આ અગાઉ ઘણી વખત મને થયો છે. પરંતુ એક પ્રસંગ તો અદ્ભુત બનેલો. જે ક્ષણે પ્રાર્થના તે ક્ષણે જ પ્રત્યુત્તર! ગયા વર્ષે વડોદરા પ્રવચનો માટે તેઓ આવેલા; ત્યારે ‘યોગેશ્વર ધ્યાનકેંદ્ર’ શરૂ થયું. આ માટે નારાયણ સ્મૃતિ મંદિર, કોઠી કચેરી સામેની સુંદર જગ્યા વાપરવા મળી અને દર ગુરુવારે અને રવિવારે સવારના ૭-૩૦ થી ૮-૩૦ ત્યાં ધ્યાનકેંદ્ર ચાલશે તેની જાહેરાત થઈ (અને તે પ્રમાણે હજી નિયમિત રીતે ચાલે છે).

ધ્યાનકેંદ્રની પ્રથમ બેઠક ગુરુવારથી શરૂ થવાની હતી. મંગળવારે પૂ.શ્રીએ સવારના ધ્યાનનાં કાર્યક્રમમાં આ જાહેરાત કરી. ગુરુવારે તેઓ સૂરત જવા વિદાય થવાના હતા. મને

મનમાં થયું, 'પૂ.શ્રી તો ગુરુવારે જ જવાના છે. ધ્યાનકેંદ્ર પૂરું થશે કે તરત જ સ્ટેશને દોડવું પડશે – કદાચ ન પણ પહોંચાય તો શું મળી જ નહિ શકાય?'

આમ વિચાર આવ્યો કે તરત જ પૂ.શ્રી બોલ્યા, "આમ તો આપણું ધ્યાનકેંદ્ર દર ગુરુવારે અને રવિવારે જ ચાલશે. પરંતુ પ્રથમ બેઠક આવતી કાલે એટલે કે બુધવારે રહેશે. ગુરુવારે હું જવાનો છું, એટલે ધ્યાનકેંદ્રના સંચાલક ભાઈને અથવા બીજા સાધકોને સ્ટેશને આવવું હોય તો આવી શકે. પછી નિયમિત રીતે દર ગુરુવારે અને રવિવારે બેઠકો થશે.' આટલું જ પૂરતું ન હતું પરંતુ ત્રણસો જેટલા સાધકોની ઉપસ્થિતિ વચ્ચે તેઓ માઈક પર બોલ્યા, "કેમ રાજુભાઈ સમજી ગયાને!"

મેં કહ્યું "હા, પ્રભુ સમજી ગયો!" ને પછી મનમાં બોલ્યો, "એ પણ સમજી ગયો કે "પ્રાર્થના સંભળાય છે હોં!"

### ગોપી વચન :–

પ્રકટ સ્વરૂપ સુંદર વદન
રસિક છબી ઘનશ્યામ,
ને શું મન અટકી રહ્યું,
ક્ષણું ખસે નહિ અન્ય.
નાગર નવલ કિશોરસું
બાંધી પૂરણ પ્રીત,
અવર વાત ભાવે નહિ,
એ જ અમારી રીત.

– પ્રીતમ



# ઔષધિથી સમાધિ

શ્રી યોગેશ્વરજી

ઔષધિથી સમાધિની સિદ્ધિ થઈ શકે ખરી? પાંતજલ યોગદર્શનમાં વિભુતિપાદના પ્રથમ સૂત્રમાં જ કહ્યું છે : 'જન્મ, મંત્ર, તપ, ઔષધિ અને સમાધિના પ્રભાવથી જુદી જુદી સિદ્ધિ મળી શકે છે તો શું એ વાત સાચી છે? અને એમાં કરવામાં આવેલા ઔષધિના ઉલ્લેખ પ્રમાણે તેનાથી શું સમાધિની પ્રાપ્તિ થઈ શકે ખરી? એવી ઔષધિની માહિતી કોઈને હશે ખરી?

ઈ. સ. ૧૯૪૬માં મારે સીમલા જવાનું થયું, અને ઈશ્વરકૃપાથી ત્યાં આકસ્મિક રીતે જ સંત શ્રી નેપાલીબાબાનું દર્શન થયું, ત્યારે એ વિચારો મારા મનમાં વધારે ને વધારે પ્રબળ બની પેદા થવા માંડયા, કારણ નેપાલીબાબા ઔષધશાસ્ત્રના પ્રખર નિષ્ણાત હતા અને અત્યારે મારી પાસે બેસીને એ વિષે જ વાર્તાલાપ કરી રહ્યા હતા.

મેં કહ્યું : "મને તો બીજી ઔષધિઓમાં ખાસ રસ નથી, મને તો સમાધિ થાય એવી ઔષધિ જોઈએ છે. તમને એવી ઔષધિની જાણ હોય તો મને કહી બતાવો.'

નેપાલીબાબાએ કહ્યું : 'મને જાણ કેમ નહીં હોય? આ તો મારો વિષય છે. એટલે મેં બધી શોધો કરી છે. સમાધિ કરાવનારી ઔષધિને પણ હું મેળવી શક્યો છું. તમે કહેશો ત્યારે હું તમને તે બતાવીશ અને એનો પ્રયોગ કેમ કરવો તે પણ સમજાવીશ.'

મેં કહ્યું : 'તો તો ઘણું સારું.'

મને અત્યંત આનંદ થયો.

વળતે દિવસે દહેરાદુનના યોગીશ્રી ભૈરવ જોશી સાથે હું તેમને મળવા ગયો. તે અમને જોઈ રાજી થયા. એમણે અમારો સ્નેહથી સત્કાર કર્યો. સીમલાથી લગભગ ત્રણ માઈલ દૂર એકાંત પર્વતો વચ્ચે તેમનું સ્થાન હતું. આજુબાજુ ચાર-પાંચ ગરીબોના ઝૂંપડાં હતા. મેં તેમને પેલી ઔષધિની વાત યાદ કરાવી એટલે તેમણે એ લાવી મારી આગળ રજૂ કરી. મારા હર્ષનો પાર ન રહ્યો. મેં એની વિગત માગી એટલે એમણે કહેવા માંડયું.

અહીંના પર્વતોમાં આ વનસ્પિત કયાંક-કયાંક થાય છે. પરંતુ તેને ઓળખનારા નથી, તેથી ગુપ્ત છે. એને પાણીમાં ઉકાળી તેમાં થોડું દૂધ નાખી ચાવા જેવું કરીને તેનું સેવન કરવું પડે છે. મારા કહ્યા પ્રમાણે તમે તેનો પ્રયોગ જરૂર કરજો. તમને લાભ થશે. પરંતુ ભૈરવ જોષીને આ ઔષધિ ના આપશો. એમનો યોગ હજુ નથી આવ્યો. એમને હજી ઘણી વાર છે. તમે એકલા જ સેવન કરજો.

ભૈરવ જોશી બાજુમાં બેઠા હતા. તેમણે નેપાલીબાબાએ આપેલી ઔષધિ સાચવીને મૂકી દીધી.

દહેરાદુનમાં આવીને, હું ભૈરવ જોશીના કાંવલી રોડ પર આવેલા શાંત બંગલામાં, એમના મહેમાન તરીકે પંદરેક દિવસ એમના અત્યંત આગ્રહને વશ થઈને રહ્યો. તે દરમિયાન એક દિવસ એ ઔષધિનો પ્રયોગ કર્યો. સાંજે લગભગ આઠ વાગે જોશીજી એ ઔષધિ લઈને મારી પાસે આવી પહોંચ્યા. એમનાં પત્નીએ જ એને તૈયાર કરી હતી.

મને થયું કે નેપાલીબાબાએ ના કહી છે છતાં જોશીજી પોતે જ ઔષધિ તૈયાર કરીને લાવ્યા છે, ત્યારે એમાંથી



થોડોક હિસ્સો એમને પણ આપું. આવી બાબતમાં સ્વાર્થી અથવા તો એકલપેટા થવું ઠીક નહીં. ભલે, એમને લાભ ન થવાનો હોય તો ન થાય, પણ હું એમને ઔષધિ તો આપું જ.

એવો વિચાર કરી એમાંથી થોડો ભાગ મેં જોશીજીને આપ્યો, અને બાકીના બીજા ભાગનું સેવન કરીને હું લગભગ રાતે નવ વાગે મારા સ્વતંત્ર રૂમમાં પડેલી આરામ-ખુરશી પર બેઠો. અલબત્ત, આંખ બંધ કરીને ધ્યાન કરતાં જ બેઠો.

થોડી વારમાં તો મારી ચિત્તવૃત્તિ તદ્દન શાંત થઈ ગઈ, મારું શરીરભાન ભુલાઈ ગયું. તે પછી શું થયું એની ખબર મને ન પડી.

સવારે જોશીજી બે-ત્રણવાર મારા રૂમમાં આવી ગયા હશે, તેમની બૂમ સાંભળીને છેવટે હું જાગી ઊઠયો.

જોશીજી કહે : 'હું બે-ત્રણવાર આવી ગયો છતાં, તમે છેક અત્યારે જ જાગી શકયા આવી રીતે કેટલા વખતથી બેઠા છો ?'

મેં કહ્યું : 'તમે રૂમમાં મૂકીને ગયા ત્યારથી. રાતે નવ વાગ્યાથી. કેમ ? અત્યારે કેટલા વાગ્યા છે ?

જોશીજીને ભારે નવાઈ લાગી !

'રાતના નવ વાગ્યાના અહીં ને અહીં જ બેઠા છો ? ભારે કરી. અત્યારે તો બરાબર નવ વાગ્યા છે. જુઓને, બધે તડકા ચઢયા છે. બાર કલાક લગી તમે સમાધિમાં રહ્યા ? તમારો ચહેરો કેવો ચળકતો હતો ? મને તો કશું જ ના થયું. ઔષધિ લઈને બેઠો, પણ મન ન લાગ્યું. એટલે રોજની જેમ ઊંઘી ગયો. નેપાલીબાબાના શબ્દો

સાચા પડ્યા, એમણે મને ઔષધિ આપવાની ના પાડી છતાં તમે આપી. પરંતુ નસીબ આગળ ને આગળ. તમારું ભાગ્ય ઘણું ભારે કહેવાય.'

મેં એમને ધીરજ ને હિંમત આપી.

આ પ્રસંગથી મારી ખાતરી થઇ કે નક્કી સમય કે યોગ્યતા અથવા તો અધિકાર વિના કશું જ થતું નથી, અને પાંતજલ યોગદર્શનની વાતમાં મારો વિશ્વાસ વધ્યો. ઔષધિની મદદથી સમાધિની પ્રાપ્તિ કરી શકાય છે, એ વિધાન મને સંપૂર્ણ સાચું લાગ્યું, જેનામાં ધ્યાન દ્વારા પ્રાપ્ત થયેલી બીજી યોગ્યતા છે, તેને આગળ વધવા માટે ઔષધિ આશીર્વાદ-રૂપ થઈ શકે છે. એમાં શંકા જ ન રહી.

*

## પ્રેરણા

પ્રેરણા, અંતઃપ્રેરણા કે ઈશ્વરપ્રેરણાની પ્રાપ્તિ અથવા અનુભૂતિને માટે મનની નિર્મળતા તો એક અનિવાર્ય શરત છે જ, કિંતુ તે ઉપરાંત મનથી અતીત અવસ્થાનો અનુભવ પણ આવશ્યક છે. મનથી અતીત અવસ્થામાં અવગાહન કરવાથી પરમાત્માના પરમ પ્રકાશની સાથે સંબંધ સ્થાપિત થાય છે. સંબંધ સ્થાપિત થયા પછી તે સુદૃઢ બન્યા બાદ પરમાત્માની પરમ જ્ઞાનશક્તિનો અનુભવ થાય છે. પરમાત્મા પરમ કે પૂર્ણ જ્ઞાનના પ્રતીકરૂપે હોવાથી એ જ્ઞાનના પ્રતિધ્વનિ કોઈ કોઈ વાર પરબ્રહ્મદર્શી પુરુષના દિલમાં પડવા માંડે છે. પરમાત્મા એવી રીતે એમને માર્ગદર્શન આપે છે, સૂચના પૂરી પાડે છે કે આવશ્યક જ્ઞાન પહોંચાડે છે. એ જ્ઞાનને, સૂચનાને, માર્ગ-દર્શનને કે માહિતીને પ્રેરણા કહેવામાં આવે છે.

–શ્રી યોગેશ્વરજી



# ભગવાન રમણ મહર્ષિ

નાનુરામ દુધરેજિયા

શ્રીમદ્ ભગવદ્ ગીતા અંગે કહેવાયું છે કે; **सम्यक् जानाति वै कृष्णः किंचित् पार्थो धनुर्धरः ।** આવું જ ઉત્તમ કોટિના સંતો પરત્વે પણ છે. એમને જાણવાનું, સમજવાનું અને તેમના વિશે લખવાનું લેશ સરળ નથી. કારણકે તેઓ દુન્યવી મહાપુરુષો માફક સમુદ્રના ઉછળતા તરંગો જેવું કે પ્રસિદ્ધિમૂલક જીવન જીવતા હોતા નથી. વળી સંતોને જાણવાનું–સમજવાનું સંતહૃદયી વ્યક્તિઓ દ્વારા જ કંઈક અંશે શકય હોવાથી, ભગવાન શ્રી રમણ મહર્ષિ વિશે લખવાની મારી આ ચેષ્ટાને 'અનધિકાર ચેષ્ટા' જ માનવી રહી.

શ્રી રમણ મહર્ષિના પ્રાગટ્યને ગયા માસની ત્રીજી તારીખે (૩–૧–૧૯૮૦) સો વર્ષ પૂરાં થયાં હોઈને એ પુણ્યશ્લોક સંત-પુરુષના જીવન અને ઉપદેશ વિશે થોડું વિચારવાનું અનુચિત નહીં મનાય.

મહર્ષિના જીવનના બનાવો ગણીએ તો મદુરાઈ પ્રાંતના તિરુ-ચ્યુલિ ગામે તા. ૩–૧–૧૮૮૦ના રોજ જન્મ (કેટલાક તારીખ ૩૦–૧૨–૧૮૭૯ માને છે). સોળ વર્ષ જેવી નાની વયે શરીર અને આત્મા ભિન્ન હોવાની અનુભૂતિ, ગૃહત્યાગ, તિરુવન્નમલઈ જવું અને ત્યાં રહેવું, રહેઠાણ અને ખોરાક બાબત થોડા ફેરફારો, અદેખા સાધુઓ દ્વારા કંઈક કનડગત, આશ્રમમાં ઘૂસેલા ચોરોને જે કંઈ જોઈતું હોય તે લઈ જવાની છૂટ આપવી, દેશ–વિદેશના માણસોની તેમની સમીપની અવરજવર, અને આજથી આશરે ત્રીસ વર્ષ પહેલાં ૧૯૫૧ના એપ્રિલની ૨૫મી તારીખે મહાનિર્વાણ પામવું. આટલી બાબતોને એમના સ્થૂળ જીવનના મુખ્ય બનાવો ગણાવી શકાય.

કબીરજીએ કહ્યું છે તેમ–મોલ કરો તલવાર કા પડા રહેને દો મ્યાન. મ્યાન કેવું છે તે જાણવું એટલું જરૂરી નથી, જેટલું તેની અંદરની તલવાર કેવી પાણીદાર છે તે જાણવું ! ભગવાન રમણ મહર્ષિના રૂંવેરૂંવામાંથી તેમના આત્મસાક્ષાત્કાર, બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મનિષ્ઠાનાં એવાં કિરણો પ્રસરતાં જે તેમના સંપર્કમાં આવનાર જિજ્ઞાસુજીવોને સઘનપણે સ્પર્શી રહેતાં.

બ્રિટનના જાણીતા પત્રકાર અને લેખક પોલ બ્રન્ટન, જેમણે મહર્ષિ અંગે કેટલાક ગ્રંથો લખ્યા છે. તેઓ જ્યારે પહેલવહેલા રમણાશ્રમમાં આવ્યા તે વખતની પોતાના પરની અસર નોંધતાં તેમણે લખ્યું છે કે; "મહર્ષિ લોહચુંબક પેઠે મારું આકર્ષણ કરી રહ્યા હતા. મને ધ્યાનનો અનુભવ થવા લાગ્યો. મેં કેટલાક પ્રશ્નો પૂછવાના નક્કી કરી રાખ્યા હતા. તે બધા દૂર થવા લાગ્યા. તેના જવાબો મને આપોઆપ મળી રહ્યા હોય તેવુ અંતરમાં અનુભવાવા લાગ્યું. પૂછવાની જરૂર રહી નહિ. મને લાગ્યું કે શાંતિની એક મહાનદી મારી સમીપ વહી રહી છે. મારું મન સંકલ્પ, વિકલ્પ અને વિચારમુક્ત બની વિરામ સાથે પરમ આનંદ અનુભવી રહ્યું."

એવું જ રિચર્ડસન નામના શિક્ષણશાસ્ત્રીએ નોંધ્યું છે : "રમણાશ્રમમાં ત્રણ દિવસ રહ્યો. મહર્ષિ સાથે કશી વાતચીત નહોતી થઈ. મને એમના સાંનિધ્યમાં મૌન બેસવાથી ઘણો આધ્યાત્મિક લાભ મળ્યો. પ્રશ્નો પૂછવાની ઈચ્છા હતી તે સમીપમાં બેસતાં જ શમી ગયેલ. હું વિશ્વના ઘણા મોટા માણસોને મળ્યો છું પરંતુ મહર્ષિના સાંનિધ્યથી મારો જેટલો વિકાસ થયો તેટલો અન્યત્ર થયો નથી."

એક થિયોસોફીસ્ટ મહર્ષિ પાસે એકલા મળવાની, થિયોસોફીકલ સોસાયટી વિશે એમનો મત જાણવાની, અને એમના ખરા સ્વરૂપના દર્શનની ઇચ્છાથી ગયા. મહર્ષિના ખંડમાં ગયા ત્યારે ત્યાં ૨૫–૩૦ જિજ્ઞાસુઓ બેઠેલા. થોડીવારે સૌ ચાલ્યા ગયા. થિયોસોફીસ્ટ સજ્જનની એકલા મળવાની ઈચ્છા મૂર્ત બની. તેઓ કંઈ બોલે તે પહેલાં



મહર્ષિએ પૂછ્યું : હાથમાં ગીતા છે ને ? સોસાયટી સૌનું હિત કરનારી છે, તેનો આ સંકેત હતો. મહર્ષિને તેમણે પોતાનું ખરું સ્વરૂપ બતાવવા વિનતિ કરતાં, થોડી જ ક્ષણોમાં મહર્ષિનું સ્થૂળ સ્વરૂપ અદશ્ય થયું અને પ્રકાશનો ઓઘ ઉભરાયો. એ પ્રકાશનું દક્ષિણામૂર્તિના રૂપમાં પરિવર્તન થયું. થિયોસોફીસ્ટ ભક્ત ધન્ય બન્યા.

મહર્ષિના સિદ્ધાંતનો વિચાર કરીએ તો તે મુખ્યત્વે 'અજાતવાદ' હતો. 'અજાત' એટલે કશું જન્મતું નથી, ઉત્પન્ન થતું નથી. કંઈ સુધરતું નથી, કંઈ બગડતું નથી, જે કંઈ છે તે સાચું નથી, સ્વપ્ન જેવું ભ્રામક છે.

**आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा ।**

જે પહેલાં નથી, પછી નથી, તે વચમાં પણ નથી. સ્વપ્ન આવ્યા પહેલાં નથી, પૂરું થયા પછી નથી, તો વચમાં પણ તે સાચું નથી. 'અજાતવાદ' વેદાંતનો સર્વોત્કૃષ્ટ સિદ્ધાંત છે. માંડુક્ય ઉપનિષદ તેનો મુખ્ય પ્રતિપાદક ગ્રંથ છે.

એમનો ઉપદેશ છે : 'હું કોણ ?' તેને શોધવાનો. શાંત બેસી જઈ, વિચારોને બને તેટલા રોકી માણસે પોતે 'હું કોણ છું ?' તે વિચારવું–તેની શોધ કરવી. આવી શોધ એક ને એક દિવસ તેને તેના સાચા સ્વરૂપ–આત્મસ્વરૂપની પ્રતીતિ કરાવશે. આવો આત્મસાક્ષાત્કાર તેનામાં બ્રહ્મસાક્ષાત્કાર લાવી આપશે, અને બ્રહ્મમાં નિષ્ઠ કરી આપશે.

સંતકાર્ય હમેશાં મહાનકાર્ય હોય છે, આપણને ભલે તે દેખાતું ન હોય. સંતોના કાર્ય જેવું મોટું સેવાકાર્ય જગતમાં અન્ય નથી. માણસને તેના સાચા સહજ સ્વરૂપ તરફ વાળવો તે એમનું મોટામાં મોટું રચનાત્મક કાર્ય છે. મનુષ્યની આંતરચેતનાને જાગ્રત કરવી, મનુષ્યની ભીતર જે છુપાયેલું છે તેનું પ્રકટીકરણ કરવું એ આપણે જેને રચનાત્મક કામો તરીકે ઓળખીએ છીએ તેનાથી ક્યાંય ચડિ-

વાતું રચનાત્મક કાર્ય છે–મહાન સેવા કાર્ય છે. આપણે મહદ અંશે પદાર્થવાદી હોવાથી મહર્ષિ જેવાના કાર્યનું સુયોગ્ય મૂલ્ય આંકી શકતા નથી. સંત–મહાત્માઓ માનવજાતની કોઈ સેવા કરી રહ્યા છે, તેવું આપણા ધ્યાનમાં જ આવતું નથી.

ભગવાન રમણ મહર્ષિ ભારતના જ નહિ વિશ્વના આધ્યાત્મિક જગમાં ચમકતી અદ્વિતીય જ્યોતિ છે, જે માનવજાતને સદાયે કલ્યાણમાર્ગ બતાવતી રહેશે. એમની સો વર્ષની સ્મૃતિ નિમિત્તે આપણે એમને ભાવપૂર્વક વંદના–પ્રણામ કરીએ.

❀

## આત્માને કોણ ઓળખી શકે છે ?

આ આત્મા શાસ્ત્રનું અધ્યયન કે પ્રવચન કરવાથી નથી મળતો; તીક્ષ્ણ બુદ્ધિથી કે બહુ શ્રવણ કરવાથી પણ નથી મળતો, પરંતુ જગતમાં જન્મીને જે પુરુષ આત્માને વરે છે અને આત્માને જ ઓળખવાનો સંકલ્પ કરીને તદનુસાર પુરુષાર્થ કરે છે, તે જ આત્માના યથાર્થ સ્વરૂપને જાણી શકે છે.

નિર્બળને, પ્રમાદીને તથા સમજણ સિવાય તપ કરનારને પણ આત્માનો સાક્ષાત્કાર નથી થઈ શકતો. દોષોને દૂર કરીને આત્માને ઓળખવાની કોશિશ કરે છે તે જ તેને ઓળખી શકે છે.

સત્યનો, સાધનાનો, સમાજનો ને સંયમનો આધાર લઈને જે આગળ વધે છે. તે જ પુરુષ પોતાના હૃદયમાં રહેલા પવિત્ર અને પ્રકાશમય આત્માને પવિત્ર બનીને જોઈ શકે છે. બીજા નથી જોઈ શકતા.

— મુંડક ઉપનિષદ

" પ્રાર્થના ખૂબ ઊંચી વસ્તુ છે. ઈશ્વરની સાથે તેના દ્વારા અનુસંધાન થઈ શકે છે. માણસે તેને માટે પ્રયત્ન કરતાં રહેવું જોઈએ. "

—શ્રી યોગેશ્વર

*With Best Compliments from :*

**The New Jehangir Vakil Mills Co. Ltd.**

: Producers of :

**Exclusive Poplins with Fabulous designs**

The New Jehangir Vakil Mills Co. Ltd.,
BHAVNAGAR.

"આપણાં સર્વ કર્મોની અંદર ઈશ્વરની પૂજાની ભાવના રહેતી હોવી જોઈએ ને જીવનનો એક શોખની વસ્તુ તરીકે નહિ, પરંતુ સાધના કે સંયમની પાઠશાળારૂપે થવો જોઈએ."

—શ્રી યોગેશ્વર


*With Best Compliments from :*


# INDUSTRIAL JEWELS PVT. LTD.

**Devi Bhuvan, Near Victoria Park,**
**Bhavnagar–364 002. (India)**
**Phone : 4412, 4413, 4414.**


"પ્રેમ વિશ્વનું અમૃત છે, માનવનું જીવન છે ને તેથી જ તેને વિરાટ વિશ્વની શોભા કહ્યું છે. શુદ્ધ પ્રેમની ઉપાસના ઈશ્વરની જ ઉપાસના છે."

—શ્રી યોગેશ્વર




# M/s. NIKAM BROTHERS

**Engineers & Contractors**

19, Ashoknagar Society, Athwa Lines–SURAT.

સુંદરતા પામતાં પહેલાં સુંદર બનવું જોઈએ.
વસ્તુ ખરીદતા પહેલાં તેનું સુંદર કામ જોવું જોઈએ.
ભારતભરમાં ટૂંક સમયમાં અજોડ વેચાણ ધરાવનાર

હીરો
ફ્લેક્સ

● જેન્ટસ તથા લેડીઝ ●
● અનેક આકર્ષક રંગોમાં ●
પેન્ટી, શોર્ટસ, જોકી, ગંજી, જાંગિયા
વિશ્વાસ સાથે ખરીદો.

## હીરો હોઝયરી વર્કસ

૧૭, મ્યુનિ. બીલ્ડીંગ હાઈકોર્ટ રોડ, ભાવનગર
O. / ૭૫૭૫, ૭૪૦૦ R. / ૫૩૮૬ / ૬૯૪૪

હોલસેલ
સ્ટોકીસ્ટ :

## રાજેશ ટ્રેડર્સ

વોરા બજાર, ભાવનગર ફોન નં. ૪૫૧૮